**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૫૦/–** આજીવન **૫૦૦/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦/** (વિમાનથી) આજીવન **૫૦૦૦/–**

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧. ફોન : **૨૫૭૨૫૦૨**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રીગોરધનભાઈ કલોલા (કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર-૧


**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ—ડૉ.બી.જે.જાગાણી, ૨૪—નાલંદા ટેનામેન્ટ, હિલડ્રાઈવ, ભાવનગર(ફોન-૨૪૭૧૨૩૦)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.
- આગલા મહિનાના અંત સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તે પછીના મહિનાની તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| સદ્ભાવભરી સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| વર્તમાન જીવન—આત્મસાક્ષાત્કારની ઉત્તમ તક | યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૭ |
| યોગેશ્વરજી એક લોકોત્તર મહાપુરુષ | ડૉ. જયન્તીલાલ ક. ભટ્ટ | ૧૧ |
| Everyday, & sunset | Pooja | 15 |
| Van Visharam, 2010, Canada | Bindiya, CA | 19 |
| પ્રશ્નોત્તરી—ખેચરી મુદ્રા | યોગેશ્વરજી | ૨૧ |
| વિધાયક ચિંતન | ડૉ. પ્રકાશ ગજ્જર | ૨૬ |
| વિદેશની ધરતી પર પૂ.માની યાત્રા | મા સર્વેશ્વરી | ૩૦ |
| હરિ ! તમે | મા સર્વેશ્વરી | ૩૫ |
| પૂ.શ્રીમાની સંનિધિ— સાગરનાં હરિરસમાં સ્નાન | ડૉ. બી. જે. જાગાણી | ૩૭ |
| પૂ. માની નિત્યનોંધ | મા સર્વેશ્વરી | ૪૩ |
| સ્વામી રામના પ્રસંગો | શ્રી કુંદનિકા કાપડિયા | ૪૭ |
| એક યુવાન સાધકની મુલાકાત | નારાયણ હ. જાની | ૫૫ |
| અધિકારવિના ફળલાભ થતો નથી | મહારાજશ્રી નથુરામશર્માજી | ૫૮ |
| રસેશ્વરી | યોગેશ્વરજી | ૬૧ |

## સદ્‌ભાવભરી સહાય

**સને ૨૦૦૯નો જન્માષ્ટમીનો મંગલ મહોત્સવ વિદેશની ધરતી પર ભાઈશ્રી જગદીપભાઈ અને નયનાબહેનના આંગણે ઉજવાયો.**

**તે ઉત્સવમાં પધારનાર સર્વ ભાઈબહેનોએ શ્રી ચરણે જે લક્ષ્મી અર્પણ કરી હતી તે લક્ષ્મીનો સદ્‌ઉપયોગ આ માસના અધ્યાત્મના અંકના પ્રકાશન ખર્ચમાં થયો છે. તો તે જન્માષ્ટમી પર્વમાં પધારી પોતાની લક્ષ્મી અર્પણ કરનાર ભાઈબહેનોને તેમજ નિમિત્ત બનનાર શ્રી નયનાબહેન અને જગદીપભાઈને અભિનંદન અને આશીર્વાદ.**

**—મા સર્વેશ્વરી**



# વર્તમાન જીવન—આત્મ સાક્ષાત્કારની ઉત્તમ તક

**શ્રીયોગેશ્વરજી**

ભારતમાં બધે ઠેકાણે એક જાતની એવી સર્વસામાન્ય મનોવૃત્તિનું દર્શન થાય છે. લોકોને પૂછીએ છીએ કે જપ શા માટે કરો છો, ધ્યાન શા માટે ધરો છો, તીર્થયાત્રાએ કેમ નીકળો છો, અને દાન, પુણ્ય કે ધર્મ કેમ કરો છો, તો લગભગ એક જ સરખો ઉત્તર મળ્યા કરે છે કે પુણ્યનો સંચય કરવા તથા પરલોકમાં સુખી થવા. શરીર છૂટ્યા પછી જીવનની સદ્‌ગતિ થાય તથા સ્વર્ગાદિ લોકમાં રહેવાનું અને એશઆરામ કરવાનું મળે એ જ અમારૂં લક્ષ્ય છે. એ લક્ષ્યથી પ્રેરાઈને જ અમે ધાર્મિક ક્રિયાઓ કર્યા કરીએ છીએ. આ લોકમાં તો જેમતેમ કરીને જીવી રહ્યા છીએ, પરંતુ પરલોકને નથી બગાડવો. પરલોકમાં આ લોકને દુર્લભ ભોગ—પદાર્થોની પ્રાપ્તિ થશે ને સુખી થવાશે તો ઘણું છે. એવી રીતે ધર્મ કર્મ કરનારા લોકોની વૃત્તિ વધારે ભાગે પરલોકવાદી બની ગઈ છે. ધર્માનુષ્ઠાન કે સત્કર્મને આ જીવન અને આ લોકની સાથે કોઈ સંબંધ જ ના હોય, અને પરલોકના અથવા તો વર્તમાન જીવન પછીના બીજા જીવનના સુખોપભોગ સાથે જ લેવાદેવા હોય, એવું મનાવા લાગ્યું છે. એટલે એના સ્વાભાવિક પરિણામ રૂપે ધર્મનું અનુષ્ઠાન કરીને આ લોકમાં જ સુખશાંતિ પ્રાપ્ત કરવાની ને વર્તમાન જીવનને જ સત્ત્વશીલ કે સમૃદ્ધિશાળી બનાવવાની વૃત્તિ ભાગ્યે જ સેવાય છે. એ તરફ લક્ષ પણ ઓછું રહે છે અને એને માટેના પ્રયત્નો પણ ભાગ્યે જ

કરવામાં આવે છે.

આથી પ્રશ્ન એ થાય છે અને કેટલાય લોકો તરફથી આવો પ્રશ્ન પૂછવામાં પણ આવે છે કે ભારતનો ધર્મ શું આવો ઉધાર છે? એને આ લોકની સાથે કશો જ સંબંધ નથી? એનું અનુષ્ઠાન પરલોકને લક્ષ્ય કરીને જ, પરલોકના સુખોપભોગને માટે જ કરવામાં આવે છે. અને સાંપ્રત જીવનની એ સદાને માટે ઉપેક્ષા કરે છે? એની મદદથી વર્તમાન જીવનની સમસ્યાઓનો ઉકેલ કરીને એને સુખી ને સમૃદ્ધ ના બનાવી શકાય? એ ધર્માચરણનું ફળ આ જીવનમાં તો પ્રાપ્ત નહિ જ થવાનું. એનો અર્થ એ કે એને માટે પરલોકમાં જ પ્રતીક્ષા કરવાની એમ ને? અને પરલોકમાં એ ફળ મળશે, એની ખાત્રી શી? અરે પરલોકની પોતાની જ ક્યાં ખાતરી છે? એના અસ્તિત્વમાં જ શંકા છે અને ધારો કે શંકા ના હોય તોપણ, કેવળ પરલોકનો વિચાર કરીને ધર્માચરણ કરવું અને આ લોક તરફ બીલકુલ ઉદાસીન રહેવું. એ શું બુદ્ધિસંગત છે? એવા ધર્માચરણને અને એના ઉપદેશ આપનારા ધર્મને આદર્શ કેવી રીતે કહી શકાય?

આવી પ્રશ્ન પરંપરા પેદા થાય એ સ્વાભાવિક છે. એ પ્રશ્ન પરંપરાને અને એની પાછળ કામ કરનારા મનને સહાનુભૂતિથી સમજી શકાય છે. એટલા માટે તો એના ઉત્તરમાં આપણે કહીએ છીએ કે ભારતીય ધર્મ તથા ધર્માચરણ તમે જેમ માનો છો તેમ ઉધાર નથી; પરંતુ નગદ છે. પરલોકનો સ્વીકાર ને વિચાર એમાં કરવામાં આવ્યો છે એ સાચું છે, પરંતુ એકલા પરલોકને જ લક્ષ્ય કરીને ધર્માનુષ્ઠાન કરવું એવું નથી કહેવામાં આવ્યું. આ લોક તથા વર્તમાન જીવન એમાં મહત્ત્વનો ભાગ ભજવે છે, કેન્દ્રસ્થાને છે, તથા તેને સુધારવા, શીલવાન કરવા, શક્તિશાળી



બનાવવા તેમ જ સુખશાંતિથી સંપન્ન કરવા માટે જ એનો આશ્રય લેવાનો છે. માણસ તન, મન અને અંતરનાં અથવા તો અવિદ્યાના પરિણામે પેદા થયેલાં અહંતા, મમતા, આસક્તિ અને રાગદ્વેષનાં જે અનેકાનેક બંધનોથી બંધાયેલો છે, તે બંધનોમાંથી મુક્ત કરીને આત્માના અપરોક્ષ અનુભવ દ્વારા એને પરમ શાંતિ ને પૂર્ણતાની મૂર્તિ બનાવી દેવો એ ધર્મનું પ્રયોજન કે લક્ષ્ય છે, અને એ લક્ષ્યની સિદ્ધિ આ વર્તમાન જીવનમાં તથા આ લોકમાં જ કરી લેવાની છે. બીજા જીવનમાં તથા બીજા લોકમાં નહિ. એ વાત ભારતના ધર્મગ્રંથોએ કેટલેય ઠેકાણે સ્પષ્ટ કરી છે. એના પ્રતિનિધિત્વ રૂપે જ ઉપનિષદે પેલી વિચારધારા રજૂ કરી છે કે **इह चेदवेदीदथ सत्यमस्ति, न वेदिहा वेदीत् महतो विनष्टिः ।** જો આ જીવનદ્વારા આ લોકમાં જ આત્માને જાણી લીધો તો તો ઘણું સારું થયું : કિન્તુ જો આ લોકમાં, આ જીવનદ્વારા આત્મદર્શન ના કર્યું તો મોટું નુકશાન થયું અથવા તો સર્વનાશ થઇ ગયો. માટે **उत्तिष्ठत** ઊઠો **जाग्रत** જાગો **प्राप्य वरान्निबोधत** મહાનપુરુષોની પાસે પહોંચીને આત્મા વિષે જાણી લો.

અનાસક્તિનો પાઠ રોજ દૃઢ કરો. રોજ પરીક્ષા ને રોજ પરિણામ જાતે જ ફૂટપટ્ટી લઇ સતત માપ્યા કરો.

—મા

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૩૨ જુલાઈ—૨૦૧૦ અંક ૧૦

## શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**સ્થળ : ૮૯, કોટયર્ક નગર, રાંદેરરોડ, સુરત**

**તા. ૦૨/૦૩/૮૨ રવિવાર**

આજે પૂ.શ્રી સવારે નિયમ મુજબ સ્નાન કર્યા બાદ શીર્ષાસન, દંડબેઠક વગેરે વિવિધ વ્યાયામ કરી લે છે. વ્યાયામ બાદ લેખનકાર્ય માટેની કલમ ચાલુ થઈ જાય છે.

સર્વેશ્વરી પણ સ્નાન બાદ વ્યાયામ બાદ, મંત્રજપ કરે છે. ત્યારબાદ નવ વાગ્યે દૂધ આવી જાય છે. દૂધ પૂ.શ્રીને આપી દેવાનું બને છે. પૂ.શ્રીનું લેખનકાર્ય ચાલું જ રહે છે. કોઈપણ પ્રકારની વાતચીત થતી નથી.

પોણા અગિયાર સુધી લેખનકાર્ય ચાલુ જ રહે છે. પછી પૂ.શ્રી માળા ઉપર જપ કરતા કરતા આરામ કરે છે.

સાડા અગિયાર વાગ્યે ભોજન લે છે ભોજનમાં બે ચમચી



ભાત ને દૂધ લે છે.

મુલાકાત માટે બાર વાગ્યે દ્વાર ખુલી જાય છે. આજે મુલાકાતીઓથી આખોયે ઓરડો ભરાય જાય છે. કપૂરાથી પણ આજે ચાર ભાઈબહેનો આવ્યાં છે.

પૂ.શ્રી થોડી સામાન્ય વાતો આવનારને પૂછે છે. પછી કોઈને પ્રશ્ન હોય તો પૂછો એમ કહેતાં એક ભાઈ પ્રશ્ન પૂછે છે.

પ્રશ્નઃ— ધ્યાનમાં મન સ્થિર થતું નથી?

પૂ.શ્રીઃ— ધ્યાન લાગે છે. પણ તે ધનનું, ધરાનું, રમાનું જેમાં આપણને પ્રીતિ હોય તેનું જલ્દી ધ્યાન થાય. ઘરમાં કે બીજા સાથે બોલચાલ થાય તો તેનું જ ધ્યાન રહ્યાં કરે. જેમાં જેમાં રાગ હોય, તેમાં મન જલ્દી પરોવાય.

પ્રશ્નઃ— મૂળબંધ નામનું આસન મને આવડતું નથી. એટલે શું કરું?

પૂ.શ્રીઃ— અરે, મૂળમાં જ મનને બાંધી દો. સૌનું મૂળીયું ભગવાન છે. કુંડલીની શક્તિની ચિંતા ન કરો. પ્રાર્થના, સ્મરણ, ધ્યાન પ્રભુનું જ કરો. પ્રભુની કૃપાથી જ એ બધું જ કામ થઈ જાય છે.

તમે ધ્યાનમાં કેવી રીતે બેસો છો? તે ભાઈએ રીત બતાવી. પૂ.શ્રીએ થોડી સૂચનાઓ આપી. તે ભાઈએ વળી પ્રશ્ન કર્યો.

પ્રશ્નઃ— આપે ગઈકાલના પ્રવચનમાં ઇંગ્લેન્ડમાં એક બહેનને ધ્યાનમાં બેસાડેલાં તો અમને પણ એવો લાભ આપોને?

પૂ.શ્રીઃ— અમારે કંઈ પક્ષપાત, ભેદભાવ થોડો છે? લો અત્યારે જ બતાવીએ તે રીતે ધ્યાનમાં થોડીવાર બેસો.

તે ભાઈ પૂ.શ્રીની સૂચનાથી ધ્યાનમાં બેસી જાય છે. ત્યાં વળી એક બીજા ભાઈ પ્રશ્ન પૂછે છે.

પ્રશ્નઃ— આત્મબળ મેળવવા શું કરવું?

પૂ.શ્રીઃ— આત્મબળ વધારવા આત્મતત્ત્વનો જ વિચાર કરો. મને કોઈનો ડર નથી. ભય નથી. રાગ નથી. દ્વેષ નથી. હું સચ્ચિદાનંદ સ્વરૂપ છું. શિવોઽહમ્ છું. આવા વિચારો ને ભાવો કરવા. જેવું ચિંતન કરીએ તેવા ભાવ થાય. અનાત્મભાવનું ચિંતન ન કરવું. ૐકારનું રટણ કરવું.

ત્યાં એક નાનકડો બાળક પૂ.શ્રીનો ફોટો જોઈને કહે છે. સરસ છે ફોટો ફાઈન છે.

પૂ.શ્રીએ એ સાંભળીને કહ્યુંઃ—

અમે તો બધું ફાઈન જ રાખીએ. વિચારોનો, ભાવોનો સુપરફાઈન માલ જ રાખીએ છીએ.

પ્રશ્નઃ— સાધનામાં બધાં જ દેવો ઉપર પ્રેમ ને શ્રદ્ધા હોય, પણ આગળ વધવા એક જ રૂપનું ધ્યાન કરવું જોઈએ, પણ ઘણીવાર બન્ને જ ધ્યાન ધરવા યોગ્ય લાગે તો શું કરવું?

પૂ.શ્રીઃ— એક જ જે ઈષ્ટદેવ હોય તેનું જ ધ્યાન કરવું. તમને કૃષ્ણ ઉપર પ્રેમ હોય ને તે તમારા ઈષ્ટદેવ હોય પણ શંકર ઉપર પણ પ્રેમ હોય ને ધ્યાનમાં શંકરનું પણ સ્મરણ થતું હોય તો કૃષ્ણનું જ તે રૂપ છે એમ માનવું. બહારના રૂપ આકારથી તે ભેદ દેખાય છે, પણ તત્વતઃ એક જ છે.

પ્રશ્નઃ— જાગૃતિ, સ્વપ્ન, સુષુપ્તી ત્રણે અવસ્થા વિશે કંઈક કહો.

પૂ.શ્રીઃ— જ્ઞાનદૃષ્ટિએ જાગૃતિ એ એક પ્રકારની સ્વપ્નાવસ્થા જ છે. સ્વપ્ન પાંચ મિનિટનું હોય તો આ જાગૃતિ એ ૨૦, ૫૦, ૬૦ કે ૭૦ વર્ષની હોય છે. આ જરા મોટું સ્વપ્ન હોય છે.

જ્યારે સ્વપ્ન જોતા ન હોઈએ તો તે લયાવસ્થા. જેને સુષુપ્તીવસ્થા પણ કહેવાય. સ્વપ્નાવસ્થાને જાગૃતિ અવસ્થા પરસ્પર વણાયેલાં છે. સ્વપ્નમાં જાગૃતિના જ પડઘા પડે છે.



પ્રશ્નોત્તરી થોડી વધુ ચાલી પણ સમય થતાં પ્રસાદ વહેંચાયો. જેથી સૌ પ્રણામ કરી વિદાય થયા. કપૂરાથી આવેલા સર્વેશ્વરીના પરિવારના સભ્યો સાથે પૂ.શ્રીએ થોડી વાતો કરી, દૂધ પી આરામ કર્યો.

સાંજે પ્રવચન સ્થળે મોટરમાં પહોંચી જવાનું બન્યું. પૂ.શ્રીએ આજે પોણા ભાગનું પ્રવચન ધીમેથી કર્યું. પાછળથી એ પ્રવચન થોડું મોટા અવાજે થયું.

પ્રવચન બાદ હોલમાંથી ઉતારા ઉપર આવી ગયા ત્યારે પૂ.શ્રીએ વાત નીકળતાં કહ્યું.

આજે બપોરે ૨ વાગ્યા પછી પાણી પણ લીધું ન હતું, જેથી પ્રવચન શરૂ કર્યું ત્યારે તો એમ થયું કે પ્રવચન પૂરું થશે કે નહીં, પણ પ્રભુને પ્રાર્થના કરી એટલે મુંઝવણ જેવું હતું તે હળવું થઈ ગયું.

પૂ.શ્રીની પ્રાર્થના પ્રભુ તરત જ સાંભળે છે. એથી જ પૂ.શ્રી વારંવાર પ્રાર્થના ઉપર ભાર મૂકે છે. સ્વાનુભવને આધારે પૂ.શ્રી એ ઉપદેશ આપે એ કેટલો બધો સચોટ હોય છે, તે આવી નાનકડી વાતોથી સમજાય જાય છે.

ઉતારા ઉપર આવી પૂ.શ્રીએ શેક કર્યો. પછી પૌંઆબટાકાનો હળવો નાસ્તો કરી આરામ કર્યો.

(ક્રમશઃ)

# યોગેશ્વરજી એક લોકોત્તર મહાપુરૂષ

પ્રો. ડૉ. જયન્તીલાલ ક. ભટ્ટ
(વેદાંતાચાર્ય એમ.એ. પીએચ.ડી. ''બ્રહ્મર્ષિ'')

**लोकोत्तराणां चेतांसि को नुं विज्ञातु नर्हति ।**
**દિલ કોણ જાણી શકે લોકોત્તર સંતોનાં?**

મહાકવિ ભવભૂતિનાં ઉત્તરરામચરિત—મહાનાટકમાં બીજા અંકમાં આત્રેયીવાસન્તીનો શુદ્ધવિષ્કમ્ભક આવે છે તેમાં વાસન્તી આત્રેયી પાસેથી એવું સાંભળે છે. કે રાજા રામે અશ્વમેઘ યજ્ઞ આરંભ્યો છે. એટલે તુરંત વાસન્તી આત્રેયીને પૂછે છે. તો શું રાજા રામ પરણ્યા પણ ખરા? આત્રેયી કહે નહિ, નહિ સીતાની સુવર્ણ પ્રતિમા બનાવીને યજ્ઞ કરે છે. સહધર્મચારિણી વનમાં છે તેથી રાજા રામે સીતાની સોનાની પ્રતિમા પોતાની સાથે પોતાની પાસે બેસાડીને યજ્ઞ આરંભ્યો છે. આથી વાસન્તી કહે છે અરે રે! આ લોકોત્તર મનુષ્યોનાં વજ્રથીયે કઠોર અને ફૂલથી પણ સુકોમળ એવાં દિલડાંને કોણ સમજી શકે? કંઈક આવું જ આપણે આ લોકપ્રિય પૂ.મહાત્મા શ્રી યોગેશ્વરજી વિષે કહીએ તો સહેજ પણ ખોટું નહિ ગણાય.

તેઓ તપઃ સ્વાધ્યાયનિરત યોગી છે. અને છતાં લોકસંગ્રહની ભાવના તેમનામાં ભારોભાર ભરેલી દેખાય છે. પૂ.યોગેશ્વરજીએ ભલે હિમાલયમાં તપ કર્યું, ભલે નિરંતર ઉપવાસો કર્યા, ભલે વ્રત, જપ, નિયમ, યોગાદિકથી પોતાના પ્રાણોને તપાવ્યા, પણ માનવ હૈયાના ધબકારા સાંભળી તેમનાં, દુઃખ દૂર કરવા માટે તેમનું હૈયું સતત પ્રયત્નશીલ રહ્યું છે.

'પ્રકાશને પંથે'—આત્મકથા જ આ વાત આપણને ખૂબ સ્પષ્ટ



રીતે જણાવે છે.

શ્રી નાનુભાઈ નાયક કહે છે તેમ તેમનાં આચાર—વિચાર એકરસ છે. અને શુદ્ધબુદ્ધિથી એક સાધક મહાત્મા લોક કલ્યાણને માટે પોતાનું જીવન તપાવે તેમ પૂ.યોગેશ્વરજીએ જીવન તપાવ્યું છે. નહિતર ૧૫—૧૬ વર્ષનો કિશોર જીવનનાં રહસ્યો ઉકેલવા સતત પુરુષાર્થ કરે અને લોકોના જ કલ્યાણ માટે આખુંયે જીવન આમ કૃષ્ણાર્પણ કોણ કરે?

મને નીતિશતકનું એક પદ યાદ આવે છે—**परगुणपरमाणून् पर्वतीकृत्य नित्यं निजहृदि विकसन्तः सन्ति सन्तः कियन्तः ॥** એટલે કે બીજાના પરમાણુ જેવડા નાના એવા પણ ગુણોને પણ પહાડ જેવા મોટા બતાવીને પોતાના દિલને ખીલવનારા એવા જગતમાં કેટલા સંતો હશે? અર્થાત્ બહુ ઓછા આવા સંતો હોય છે.

ઈશ્વર દર્શનની લાગેલી તાલાવેલીમાં ભક્તો આ મહામાનવ અનેક સંતો, મહાત્માઓ અને જ્ઞાનીઓને મળે છે. તેમને પ્રશ્નો પૂછી જિજ્ઞાસાભાવથી ઘણું જાણે છે; તેમ છતાં આત્મશોધ સ્વયં તેમાં તલ્લીન બનીને કરે છે અને આધ્યાત્મિક સાગરમાંથી મહામૂલાં રત્નો શોધી કાઢે છે. તે રત્નો પાછાં જનતા—જનાર્દનનું શ્રેય થાય તેમ બધાંને વિતરિત કરે છે. આ જ મહાપુરુષોની વિશેષતા છે.

પૂ.યોગેશ્વરજીની આ આત્મકથા સંપૂર્ણ સાહિત્યિક છે. ગુજરાતી ગદ્યના તેઓ આચાર્ય હોય તેમ આત્મકથા લખે છે. સરસ, ભાવવાહી શૈલીમાં પોતાની યાત્રા વર્ણવે છે. ત્યારે પોતાના અનુભવોનો નિચોડ તેમાં ઠાલવી દે છે. કશું છુપાવતા નથી તેમ છતાં શિષ્ટ અને સંયત શૈલીમાં બધું રજૂ કરે છે. આ

તેમની વિશેષતા છે.

**नैसर्गिकीयं मति रस्य ज्ञञन्**

એ શ્રીમદ્ભાગવતમાં પ્રાપ્ત થતી ઉક્તિ અનુસાર તેમની વાણી નૈસર્ગિક રીતે અનુભવો વર્ણવે છે જેમ પ્રહ્લાદ બાળપણમાં જ ભગવદ્ભક્ત હતો. હિરણ્યકશિપુ શંડામર્ક તે કહે છે આને આવું કોણ શીખવે છે? ત્યારે ગુરુ પુત્રો કહે આ તો એની નૈસર્ગિક વૃત્તિ છે. એને કોઈએ આવું શીખવ્યું નથી.

રામકૃષ્ણ પરમહંસ બંગાળમાં શ્રેષ્ઠ મહાપુરુષ થયા છે તેમનો જ અવતાર પૂ.યોગેશ્વરજી છે તેમ તેમનાં કર્તવ્યો પરથી સ્પષ્ટ જણાઈ આવે છે.

લોકોને સત્યનાં પંથે લઈ જનારા, સત્ય, અહિંસા તથા વિશ્વશાંતિના પૂજારી પૂ.મહાત્મા ગાંધીનો પણ પૂ.શ્રી પર ખૂબ પ્રભાવ પડ્યો છે. મહાત્મા ગાંધીજીની જેમ તેઓ પણ ઈશ્વર પર અડગ શ્રદ્ધા રાખીને, ઈશ્વર સ્વરૂપા પૂ.માતાજીનો અનન્યભાવે આશ્રય કરીને એકલે પંડેજ, કોઈ ભોમિયા વિના ડુંગરા ભમ્યા અને સત્યસ્વરૂપ પ્રભુની શોધમાં જઝૂમ્યા અને છેવટે ઈશ્વરને મેળવીને જ રહ્યા.

ગીતાનો નિષ્કામ કર્મયોગ કેવળ વાંચ્યો જ નહિ અપિ તુ તેમણે તેમના જીવનમાં ઉતાર્યો. લોકોને શુદ્ધ આચાર–વિચારો દ્વારા સન્માર્ગે આગળ વધવાની અપૂર્વ પ્રેરણા આપી અને આધ્યાત્મિક પવને પંથે જવામાં પોતાનાથી બનતી સર્વ સહાય કરી.

તેઓ સંત છે પણ સાથે સાથે સાચા સમાજ સુધારક પણ છે. હિમાલયનાં તીર્થસ્થાનો, પર્વતમાળાઓ, ગંગા અને બીજી નદીઓનું વર્ણન તો કરે છે પણ સાથે સાથે તેની ગંદકી, લોકોની



ખોટી આદતો વગેરે બતાવવાનું ચૂકતા નથી. તીર્થમાં રહેલી ગંદકી, ભ્રષ્ટાચાર સડા વગેરે પણ બતાવે છે.

યાત્રાના સ્થળોએ ધનવાન વધુ પૈસા ખરચીને મૂર્તિના ચરણ સ્પર્શ પણ કરી લે અને નિર્ધન દુઃખી થાય, દર્શનનો લાભ ન મળે તે પણ અયોગ્ય છે. એ વાત પણ તે સ્પષ્ટ કરે છે.

પૂ.સ્વામીજીને હિમાલયનું અનેરું આકર્ષણ છે. ત્યાં પવિત્ર નદીઓમાં સ્નાન, સંતો, મહાત્માઓનાં દર્શન પાપ, તાપ અને દૈત્યને દૂર કરીને જીવનને શાતા આપે છે એ વાત પણ તેઓ બતાવે છે.

પૂ.યોગેશ્વરજી સાચા સાધક છે; તેમ છતાં તેથી પણ વધુ તે એક આર્યભક્ત પણ છે. ગીતા કહે છે न मे भक्तः प्रणश्यति એ પ્રમાણે તેઓ ખરા અર્થમાં અમર મહાપુરુષ થઈ ગયા છે.

ભક્તોને માલદાર કરવા જ કેલેન્ડરમાં શ્રાવણ આવે છે. **—મા**

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

# Everyday, & Sunset

**Pooja**

Van Vishram 2010 is taking place at a cottage in Peterborough whose backyard leads into a beautiful lake. Everyday, like clockwork. Being in the presence of Maa and witnessing the sunset everyday has truly been a priceless experience for me.

The sunsets of Peterborough were like nothing I have ever seen before. Like this sunsets, Maa has continuously shed her light for her children allowing them to chose the correct path to walk on. Everyday there were different colors in the sky. No two sunsets were ever the same. Similarly, when has any experience with Maa ever been like the previous? Maa is constantly teaching us new lessons, showing us new paths, and remodeling our old views. Last year when I attended Van Vishram in Peterborough, my experience was completely different from this year. That's just the beauty of knowing Maa and being with her. You will never get bored or feel as if you already know what



she is telling you–there is always something new to learn, different approaches to viewing things, and new experiences to gain.

Just as we see a new beauty in the each sunset every evening, I recognized the uniqueness of each experience with Maa. Every day, every moment with Maa is an opportunity to learn and grow. However, we all need that slight nudge to go and experience the beauty that is constantly surrounding us. For example, I probably would not have thought to sit on the deck and watch the sunset every evening. I would have seen it a day or two, appreciated it, and then forgotten or thought it not important to see it everyday. However, everyday without fail, Maa would stop Prarthna, her own Jaap, or anything we may be to doing to tell us to go see the sunset. Without that small nudge, I would not have thought to witness the sunset every evening. Ofcourse we are always thanking Maa for the big things in life, but it is important to open our eyes to all the small ways she takes care of us too. Just as the sun lights up the entire world and gives us the day, Maa is always shedding light on simple things–and the

more important–everyday.

Along with the sunset, a family of ducks would visit the Van Vishram site daily. Never having lived near a body of water, the only ducks I had ever seen were at the zoo. This was the first time was able to see them in their natural habitat. Everyday, a line of duckings headed in the front and end by a parent would come to feed on the backyard lawn. Like any parents, these ducks were worried for their children's protection, so they put themselves at the front to lead them in the right path and at end to make sure they were all following. Similarly, Maa has surrounded us with herself. She is in the front of the line, leading us in the right direction. At the same time, she is at the end of the line making sure we have not trailed off the path and are still following her. The ducklings blindly follow their parents and constantly protected, given shelter and food. Likewise, being in Maa's path has only brought good. Following Maa has never–and never will–result in anything bad. Sometimes, we'd see some more adults scattered between the lines of ducks. In this same manner Maa is always



calling us to her to reinforce her previously instilled thoughts. She knows we are naive little duckings and will need the proper guidance in order to refrain from straying away. Another thing about the ducks was that there were always more and more ducklings as each day went by. I counted around 25 ducklings the first day, the third or fourth day there were about 32, and on the last evening I counted 37.

Notice, the number did not get smaller. This perfectly relates to Maa's ability to attract and keep people on the path she has laid for us. People never leave Maa–only more people come and join.

Times spent with Maa are always unique, amazing and priceless. Each experience is different from the last and nobody ever wants to leave. I am ever so grateful to be a small ducking following the path of Maa and being able to witness her great sunsets as often as possible.

# Van Vishram, 2010, Canada

**– Bindiya, CA**

Jai Krupalu Maa

Om Maa Prabhu

05/08/10

P. Maa

Jai Krupalu Maa. How can I begin to thank you for this indescribable spiritual journey I had this last week at Van Vishram?

My soul has been sitting in this body for 25 years wanting me to find its own strength and waiting for me to realize it's complexity. Never had I allowed myself time to do deep soul searching to help me come closer to God. Maa Prabhu you have made it so easy for me. Thank–you. For setting up an atmosphere in which I was allowed to begin quenching my souls thirst for finding/reaching God in only 7 days. I truly would not have been able to find this side of me if it hadn't been for your krupa on me. Thank you Maa Prabhu for eternity!

I feel as if I have a new, clearer perpective



on life. Maa Prabhu, thank–you for requiring us to do daily niyams because they showed me that engaging in religious activities can be so simple and beneficial especially when you make a Schedule. Abiding to my niyam and doing other activities truly to me into a systematic routine that I choose to follow when I am at home. I have learned so much more about Prabhu & P.Maa, but I learned so much about myself. I learned my strengths, weakness, joys and have begun to find my inner peace. I owe this to you P.Maa

My last day at Van Vishram has come so fast. The only thing I can think of is when will I be so blessed to receive your darshan again?

Pujya Maa I pray I can become so strong spiritually that I can always remember you are always with me in even the toughest times in life. Please keep me at your lotus feet.

Jai Krupalu Maa

Bindiya Bhakta

(Anaheim, California, USA)

# પ્રશ્નોત્તરી—ખેચરી મુદ્રા

યોગેશ્વરજી

પ્રશ્ન:— ખેચરી ક્રિયા વિષે સમજાવો.

ઉત્તર:— પ્રથમ તો ખેચરીનો લાભ શું છે? તે જાણવું જરૂરી છે. જીવનનું લક્ષ્ય શું છે? ખેચરી શું મદદરૂપ થઇ પડે છે? આપણને ક્રિયાઓનો મોહ રહી જાય છે. ક્રિયા દ્વારા પ્રાપ્તવ્યનો પુરુષાર્થ એકધારો હોવો જોઈએ. खं એટલે આકાશ. चर એટલે ચરવું, વિહાર કરવો. खे आकाशे चरति इति खेचरी। આકાશ બે છે. બહારનું આકાશ અને અંદરનું આકાશ. અંદરનું આકાશ હૃદયાકાશ છે. ખેચરી આપણને અંદરના આકાશમાં હૃદયાકાશ લઈ જાય છે, મનને નિર્વિકલ્પાવસ્થામાં જવું, વિચાર—વિકાર રહિત બની સ્વરૂપનો સાક્ષાત્કાર કરવો. આ ખેચરીનું ધ્યેય છે. આજે સમાધિમાં જવાની જયાં વાત આવી ત્યાં આકાશમાં ઉડવાની સિદ્ધિ મેળવવાની વાત આવે છે. બીજાનાં મનની વાત જાણવા તરફ બધા લલચાય છે. ખેચરીદ્વારા પ્રાપ્ત થતી સમાધિનું આ સિદ્ધિ મેળવવાનું લક્ષ્ય નથી. ખેચરી એ કષ્ટસાધ્ય ક્રિયા છે. લાંબો પુરુષાર્થ માંગે છે. નિર્વિકલ્પાવસ્થામાં જવું, આત્મદર્શન કરવું એ બધું કેવળ ધ્યાનથી પણ થાય છે. ધ્યાન નામજપ સાથે કરો, અથવા એકલું કરો તોપણ ચાલે. નામ જપથી, ધ્યાનથી આપણે હૃદયાકાશમાં પ્રવેશી શકીએ છીએ. નામ જપથી, ધ્યાનથી આત્મદર્શન થાય છે. ખેચરીનું લક્ષ્ય પણ આત્મદર્શન છે, અને જ્યારે નિર્વિકલ્પાવસ્થામાં જવાય છે, સમાધિમાં જવાય છે, અને આત્મદર્શન થાય છે ત્યારે ઈચ્છા હોય કે ન હોય—તો પણ શક્તિઓ સહજ રીતે પ્રાપ્ત થાય છે.



ધ્યેયની પ્રાપ્તિ માટે બને તેટલો અભ્યાસ આદરવો. ત્રણ કલાક ઓછામાં ઓછા એક આસને બેસવું. ઓછામાં ઓછા ત્રણ કલાક એક આસન પર ફાળવવા જોઈએ. જીભ ઉલટાવીને અંદર તાળવામાં ઉપર જાય એટલી રાખવી. મન નિર્વિકલ્પાવસ્થામાં પ્રવેશે છે. આપો આપ દેહભાન ચાલ્યું જાય છે. ત્રણ કલાક જો ન બેસી શકાય તો એક બેઠક પર એક કલાક સવારે બેસવું અને એક કલાક સાંજે કાઢવો. દેહથી ઉપરામ બનીને ઇંદ્રિયોના પ્રદેશથી ઉપર જઇએ ત્યારે મન અંદરખાને અમૃત જેવો રસાસ્વાદ અનુભવે છે. સારા વિચારો કરવાથી અપાર્થિવ આનંદ આવે છે. કોઈ સરસ દૃશ્ય જોઈએ છીએ ત્યારે રસનો ખજાનો પ્રાપ્ત થાય છે. નિર્વિકલ્પ સમાધિમાંય અસાધારણ રસનો આનંદ થાય છે. આખું શરીર વ્યાધિરહિત બને છે અને વૃદ્ધાવસ્થાથી રહિત બને છે. નામ જપ કરવાથી, ધ્યાન ધરવાથી પણ પરમાણુઓ બદલાય છે. બાર વર્ષમાં આખું શરીર બદલાય છે. પાર્થિવ પરમાણુઓ પણ બદલાય છે. એકલા ધ્યાન, જપ અને ભક્તિભાવથી માનસિક બંધારણ પરિવર્તિત બની જાય છે.

પ્રશ્ન:— ખેચરી કેવી રીતે કરવી ને તે કરતાં શું કરવું?

ઉત્તર:— જીભને ઉલટાવવી—આજ્ઞાચક્રમાં દૃષ્ટિ સ્થિર કરવી. આજ્ઞાચક્ર એટલે શું? બે ભ્રૂકુટિઓની મધ્યનો ભાગ. કપાળ ઉપર નાકની ઉપરનો ભાગ તે આજ્ઞાચક્ર કહેવાય છે. મંત્રનું ચિંતન કરવું, અથવા શાંતિથી બેસવું. જે અનુભવ થાય તે કરવો. પછી અનુભવ કરનારી વસ્તુ પણ શાંત થઈ જશે. ઈશ્વરની દયા કામ કરે છે. જીવોને મેળવવામાં, અલગ કરવામાં, જીવો પર એકબીજા પર પ્રેમ કરવામાં ઈશ્વરની ઈચ્છા કામ કરે છે. ધ્યાનનો અભ્યાસ કરીશું તો આપણને આપણી

અંદર સિદ્ધપુરુષોનાં દર્શન થશે. સમાધિની અવસ્થામાં તે આપણી સામે પ્રગટ થશે. આપણી સાથે વાતો કરશે. આશીર્વાદ આપશે. આને સિદ્ધોના દર્શનનો અનુભવ કહે છે. લાંબે વખતે અભ્યાસ પછી આ અનુભવ થાય છે. ભવિષ્યના પડદા ઉઘડવા માંડશે. સિદ્ધપુરૂષો દર્શન આપીને કહેશે. મનની અંદરના પડળો ઉઘડી જવાથી અતીતનું જ્ઞાન થશે. અંદરથી કહેવામાં આવશે. એને આકાશવાણી કહે છે, અંદર હૃદયરૂપી આકાશ છે. અંદરથી શબ્દો મળશે. અતીત અને અનાગતનું જ્ઞાન મળશે, શક્તિઓ ઉદ્‌ભવશે, છેવટે આત્માનુભૂતિ કરશું.

પ્રશ્નઃ— આ ક્રિયાઓ કરતાં પહેલાં શારીરિક શુદ્ધિ, આહાર અને વર્તનમાં શું શું કરવું ઘટે?

ઉત્તરઃ— આહાર જેટલો ઓછો એટલી સાધના સારી. કોઈપણ વિધિ કરવી હોય તો સદાચાર નંબર એક જોઇએ. આહાર અલ્પ અને સાત્ત્વિક હોવો જરૂરી છે. પછી વિહાર આવે છે. વિહાર એટલે સદાચાર. આપણામાં મનુષ્યના દૈવી સંપત્તિના ગુણો છે. તેનો વિકાસ થવો જોઇએ. વ્યવહાર ઉદાત્ત થતો જાય, માનવતા આવતી જાય, આહાર ઓછો કરવો પડતો નથી, આપોઆપ ઓછો થઇ જાય. જે લેશો તે સાત્ત્વિક લેશો. શરીર શાના પર ટકી શકે? આધ્યાત્મિક ચિંતન, મનન વગેરેથી પરમાત્માના અનુસંધાનનું પોષક પરિબળ મળશે. ઈશ્વરની કૃપાથી પોષણ મળે છે. આધ્યાત્મિકતા દ્વારા પોષણ મળે છે. આહાર અલ્પ સમતુલિત બની જાય છે. પવિત્ર બને છે. વિચારો અને ભાવનાઓમાંથી આપણે બળ મેળવીએ છીએ. મનની અસર શરીર પર થાય છે. વિજ્ઞાનિકો વિચારોનું સંકલન કરે છે. દૂરથી પ્રાર્થનાઓ કરે છે. પ્રાર્થનાઓના પ્રભાવો પડે છે. સ્વાસ્થ્ય



મળે છે. શરીર ઉપર વિચારો ભાવનાઓ અને પ્રાર્થનાઓની અસર પડશે. યોગશાસ્ત્રમાં આવે છે કે જેમ જેમ યોગ માર્ગે મનુષ્ય આગળ ચાલે છે તેમ તેમ આહાર અલ્પ થાય છે. શરીર જાડું ન રહે તો વાંધો પણ શું છે? રોગો ઓછો થશે. સ્ફૂર્તિ રહેવી જોઇએ. ચૈતન્ય રહેવું જોઇએ આની જરૂર છે.

પ્રશ્નઃ— ખેચરી વિષે ફરીથી ટૂંકમાં કહેશો? શું કરવું જોઇએ તે ફરી સમજાવો.

ઉત્તરઃ— ખેચરીમાં જીભને તળીયેથી નીચલા ભાગમાં જ્યાં વળગેલી છે ત્યાંથી જરા ધીમે ધીમે કાપવામાં આવે છે. જીભનું દોહન કરવામાં આવે છે. એમ કરી જીભને લંબાવવામાં આવે છે. જીભ નાકના ટેરવાને અડીને રહે એટલી લાંબી કરવામાં આવે છે. જીભને અંદર જેટલે દૂર લઇ જવાય તેટલે દૂર લઇ જવી. અંદર ચોંટાડવી, ધ્યાનમાં રોજ બેસવું જ. દૃષ્ટિને બંને ભ્રમરની મધ્યમાં આજ્ઞાચક્રમાં બંધ આંખે સ્થાપિત કરવી. ૐ નો જપ કરવો અથવા કોઇપણ ઈષ્ટમંત્રનો જપ કરવો અને રુચિ ન હોય તો શાંતિથી બેસી રહેવું. મનને નિર્વિકલ્પ—વિચાર રહિત કરવાનો પ્રયત્ન કરવો. જેથી મન ડૂબશે. શ્વાસની ક્રિયાઓ ધીમે ધીમે ઓછી થશે. શ્વાસ રૂંધન થશે. દેહભાન ભુલાશે. સમાધિ અવસ્થા થશે. પ્રયત્ન કરવાનો. દરરોજ ખેચરીનો એક કલાક કરવો. ધ્યાનનો સમય વધારવો. બે કલાક બેસવું. જે અવસ્થામાં દેહભાન રહેતું નથી તે સમાધિ અવસ્થા છે, મારે ચિંતા કરવાની નથી આપણે કોઇ કોઇના નોકર નથી. આપણે કોઇના ખરીદાયેલા નથી. જ્યાં સુધી રુચિ છે ત્યાં સુધી ચાલવાનું છે. આપણે આશ્રય પરમાત્માનો લીધો છે. પરમાત્મા સાથે સમાધિ દ્વારા માનસિક રીતે જોડાણ કરીએ ત્યાર પછી દોરી

તેના હાથમાં છે. આપણી શક્તિ, આપણું માપ તે જાણે છે ક્યારે કેટલું આપવું તેનો નિર્ણય તે કરે છે. આપણને જે ઇચ્છા હોય તેનું નિવેદન કરવું. કહેવાનો આપણો હક્ક છે. પછી તેને જે કરવું હશે તે કરશે. સ્વરૂપ એટલે પોતાના રૂપને પહોંચવાનું છે. આત્માનો અથવા પરમાત્માનો સાક્ષાત્કાર કરવાનો છે બાહ્ય વાસનાઓ, રાગદ્વેષ ઓછા થશે તેમ સરળ થશે. કોઇ સિદ્ધિ– મેળવવી હોય છે, તો તેઓ તે હેતુથી સાધના કરે છે.

(ક્રમશઃ)

પ્રભુ સાથે માનો ધંધો પાંત્રીસ વર્ષથી ચાલે છે. પ્રભુ 'વર્કિંગ પાર્ટનર' 'મા' 'સ્લિપિંગ પાર્ટનર'!

–મા

જેવો ને જેટલો પ્રેમ વરસાવશો તેટલી જ પ્રભુકૃપા પામશો.

–મા

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,

**મોરબી**–૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.



# વિધાયક ચિંતન

**ડૉ. પ્રકાશ ગજ્જર**

ડૉ. પ્રકાશ ગજ્જર એ સારા સાધક ચિંતક અને બહુશ્રુત વિદ્વાન છે. એમનું ચિંતન Positive વિધેયાત્મક હોય છે. હંમેશા ઉત્સાહથી ઉભરાતા ને વય વધવા છતાં એક યુવાનને શરમાવે એવો તરવરાટ ધરાવતા તેઓ એક સારા વક્તા છે. એમને સાંભળનાર શ્રોતાની માનસિક બેટરી રીચાર્જ થઈ જાય છે. તેઓ સારાં ભજનો પણ લખે છે. એ એમના જીવનનું આગવું પાસું છે.

સંસારમાં રહેતા હોવા છતાં એમના જીવનમાં સંસાર પ્રવેશેલો જણાતો નથી, એ વિશેષતા છે.

તેઓનું વિધેયાત્મક ચિંતન આજના યુગમાં માણસોના ઝડપી જીવનમાં તનાવોમાં રાહત પહોંચાડનારું છે.

–તંત્રી

## નવાં પગરણ

**આજથી મારું નવું જીવન શરૂ થાય છે. ભૂતકાળને ભૂલીને સર્વેશ્વરના સાન્નિધ્યમાં પૂરી આત્મશ્રદ્ધા સાથે હું નવા ડગ ભરવાનું શરૂ કરું છું.**

મંગલ પ્રભાતે જીવનનું અભિવાદન... નવા દિવસનું સ્વાગત. કહે છે કે સમજદાર વ્યક્તિ માટે પ્રત્યેક પ્રભાતે એક નવું જીવન જાગે છે. આ સમય સવારનો હોય છે કે ના હોય; જાગ્યા ત્યારથી પ્રભાત ગણીને હું મારી નવીન જીવનયાત્રાનો આ પળથી મંગળ પ્રારંભ કરું છું.

નવો ઉત્સાહ હોય અને પરમાત્માની પ્રાર્થના સાથે જ્યારે નવા ડગ મંડાઇ રહ્યાં હોય ત્યારે ધરતી અને આકાશ, વાયુ અને અન્ય પરિબળો, બધું જ અનુકૂળ થવા લાગે. આ નવયાત્રા આપણે જ ઓછી કરવાની છે? પ્રભુ આપણી સાથે, ને એની શક્તિઓ આપણી મદદમાં. અંતરમાં ઉલ્લાસનો પાર નહીં, ભીતર અસંખ્ય સપનાંની રમણ અને આજ કશુંક કરવાની તમન્ના. આના જેવું આનંદટાણું બીજું ક્યું હોઇ શકે?

આજ ભૂતકાળની ભૂલોને યાદ કરવી નથી. વીતી ગયેલી કસોટીઓ અને ગેરસમજણોને હવે વિસારી દેવી છે. હવે કોઇ પસ્તાવો નહીં. આજના દિવસમાં, વર્તમાનમાં પોતાની સર્વ શક્તિઓને કામે લગાડી, પ્રાર્થના દ્વારા પ્રભુ પાસે અઢળક સહયોગ માગી નવાં ડગ ભરવા છે.

ગઇ કાલના રજકણ તો સમયના પ્રવાહમાં વહી ગયા. પણ 'આજ'નો આરસપહાણ મારા હાથમાં છે. કર્મનાં ટાંકણાં વડે એમાંથી જીવનનું એવું શિલ્પવિધાન કરવું છે કે સ્વયં હું આનંદવિભોર થઇ જાઉં ને દુનિયા દિંગ થઇ જાય. આજ નવેસર મંગલ પ્રારંભ....

## કેન્દ્રમાં ઈશ્વર

**પરમ પિતા! મારું સર્વ માંગલ્ય, મારી સર્વ સમૃદ્ધિ અને શક્તિનું મૂળ કેન્દ્ર તમે જ છો.**

પ્રભુ! મને માર્ગદર્શન જોઇએ ત્યારે મારા અંતરમાં, મારા આત્મમંદિરમાં, મારા ચૈતન્યકેન્દ્રમાં બેસીને તમે જ તો મારામાં સમજણ, જ્ઞાન અને પ્રેરણાનો પ્રકાશ પ્રગટાવો છો.

મને સ્વાસ્થ્યસુધારની જરૂર પડે ત્યારે પણ તમે જ મારા શરીરના પ્રત્યેક અંગમાં, અણુએ અણુમાં નવસ્વાસ્થ્યની ધારા



બનીને વહો છો ને મને નવશક્તિનું દાન મળે છે.

મને જ્યારે વધારે સાધન સુવિધા અને સમૃદ્ધિની આવશ્યક્તા ઊભી થાય ત્યારે હું તમારા અખૂટ સમૃદ્ધિપ્રવાહનું ચિંતવન કરું છું. તમે જે કાંઇ આપ્યું છે તેનું સાનંદ સ્મરણ કરી કૃતજ્ઞતા વ્યક્ત કરું છું. પહેલાં તો આનંદની સમૃદ્ધિ વધવા લાગે છે. મને એ શ્રદ્ધા સુદૃઢ થાય છે કે અપરંપાર સમૃદ્ધિ તમારા તરફથી આવી જ રહી છે.

પ્રભુ! તમે મારું સ્વાસ્થ્ય, શાંતિ, હિંમત, આત્મવિશ્વાસ, વૈભવો અને અન્ય સર્વ સમૃદ્ધિઓનું મૂળ કેન્દ્ર છો, ગંગોત્રી છો. એનો મને આનંદ છે જ. મારી આ સમજણની સમૃદ્ધિ હું અન્યને પણ વહેંચતો રહું. હું એક બંધિયાર તળાવ ના બની રહેતાં એક વહેતી નદી બની રહું ને તમે મારા ઉપર વર્ષાવેલા સર્વ આશિષ અન્યને પણ ભરપૂર વહેંચતો રહું.

એક સ્મિત, એક માયાળુ શબ્દ, થોડી મીઠી વાણી, આનંદમય ને ઉમદા લાગણીનો સંકેત એ બધું પણ હું સર્વત્ર પ્રસારતો જાઉં. મારી આ સુંદર કામગીરી ઉત્તરોત્તર વધતી જાય. હું તમારા વ્હાલની વહેંચણી કરતો જાઉં.

## શુભના સંકેત

**આજ કશુંક સરસ, તૃપ્તિકારક, આનંદમય બનશે જ એવો અણસાર મારી ભીતરમાં રણકી રહ્યો છે.**

આજના દિવસોનો સુંદર પ્રારંભ હું એ ભાવના સાથે કરી રહ્યો છું કે આજે કશુંક સરસ, તૃપ્તિકારક અને આનંદદાયક બનવાનું જ છે. પરમાત્માના રાજ્યમાં કોઇ ખોટ નથી. એના ભંડાર સભર ભર્યા છે. એને કોઇ સીમા હોતી નથી. એ સર્વશક્તિમાન છે. આવો સર્વેશ્વર મારો સાથી અને શુભેચ્છક

છે, સંરક્ષક છે.

માટે જ આજ કશુંક સરસ સરસ બનવાનું છે, એવા શુભ સંકેત વહેતા મૂકી રહ્યો છું. હું સુંદર પ્રસંગ, વસ્તુ, પ્રાગટ્યની રાહ જોઉં છું. હું બેધ્યાન હોઉં ને કશુંક સુંદરસુંદર મારી જાણ બહાર મારી સામેથી કે બાજુમાંથી પસાર થઈ જાય એવું બનવા દેવા માગતો નથી. મને પૂરી શ્રદ્ધા છે કે મારી આ સરસ અપેક્ષા પૂરી થશે જ.

જેમને હું સહજક્રમમાં સ્વીકારી લઉં છું, જેમની વિશેષ નોંધ નથી લેતો એવી વ્યક્તિઓ અને સાવ સાદી ઘટનાઓમાં છૂપાયેલું માંગલ્ય અને સારા સમાચારો પ્રતિ આજે હું વિશેષ સજાગ રહીશ. પણ દૈનિક જીવનના સામાન્ય ઘટનાચક્રમાં પણ હું આનંદમય નોંધ લેવા જેવું શોધતો રહીશ.

આજના નવલા દિવસનો આટલા સરસ, આનંદમય, અપેક્ષાસભર શુભચિંતન સાથે હું નવપ્રારંભ કરી રહ્યો છું ત્યારે મારા હૃદયમાં અત્યારથી જ પ્રભુ પ્રત્યેની કૃતજ્ઞતાના ભાવ ઊભરાય છે. મારો શ્રેષ્ઠ આનંદ તો એ વાતનો છે કે સર્વશક્તિમય પરમાત્મા સાથે હું નવેસર સંકળાઈ રહ્યો છું. એ આજ આખો દિવસ મારી સાથે રહેશે. એની આશિષધારા સતત વહેતી રહેશે. મારી સુંદર ઈચ્છાઓની પૂર્તિ એ નિરંતર કરશે જ.

**('પારસમણિ'માંથી)**

અનુભૂતિની સ્મરણગંગાનું સ્નાન જ 'મા'ને સતત જીવંત રાખે છે. —મા



# વિદેશની ધરતી પર પૂ.માની યાત્રા

**મા સર્વેશ્વરી**

### તા.૧૮/૦૭/૦૮ યારમાઉથ થી વીન્ઝર

ગઈ રાતે સૌ નિયમો લખાવે છે. માએ પણ ૫૦૦ માળાનો નિયમ લખાવ્યો છે.

આજે સવારની બેઠકમાં મા હાજરી આપે છે. ગુરુપૂર્ણિમા ઉપર ભાઈ હિતેશે અંગ્રેજીમાં વાતો કરી છે. આજે સૌને 'યાત્રા વીથ મા'નાં પ્રતિકવાળાં ટીશર્ટ પ્રસાદમાં આપ્યાં છે.

સૌ બસમાં બેઠા છે. આ વીન્ઝર શહેર આઈસ હોકીની રમતનું જન્મસ્થળ છે. અહીં તેનું મ્યુઝીયમ છે. શહેરમાં હોકી હેરીટેજ સેન્ટર, ૨૬, જીરીશ સ્ટ્રીટમાં તે આવ્યું છે, ઈ.સ. ૧૮૦૦ થી તે રમત અહીં રમાતી આવી છે.

બધા જ બાળકો ત્યાં ઉતર્યા છે. મુલાકાત પછી સૌ બહાર ઊભા છે. ત્યાંના જે આયોજક કે સૂત્રધાર કે પ્રમુખ કે માલિક જે ગણો તે, એક કેનેડીયન બહેન છે. તે સૌની સમૂહમાં તસ્વીર લે છે.

અને તે વિદેશી મહિલા જેનું નામ શ્રી કેરોલ પીટરસન છે, તે મા પાસે બસમાં આવે છે. શ્રી વિનોદભાઈ સાથે છે.

તે વિદેશી મહિલા મ્યુઝીયમનું સાહિત્ય—પત્રિકા માને આપે છે. તે બહેન વિનોદભાઈને પૂછે છે. "હું હાથ મેળવી શકું?"

શ્રી વિનોદભાઈ તેમના પ્રશ્નના ઉત્તરમાં પોતાના બે હાથ જોડીને બતાવે છે કે આ રીતે હાથ જોડી નમસ્કાર કરો.

મા પોતે પ્રસન્નતાથી તેનો ભાવ સ્વીકારે છે, અને તે

બહેનને પ્રસાદ, ફૂલ, ટોપીનો પ્રસાદ વગેરે મા આપે છે.

તે પહેલાં, તે હાથ જોડી ઊભાં છે અને અચરજ સાથે સતત માને જોઇ રહ્યાં છે. છેવટે બોલે છે.

"જુઓને, મારા રોમ રોમ પુલકિત થઇ ગયાં છે. એમ કહી પોતાના હાથ ઉપર હાથ ફેરવી સૌને બતાવી રહ્યાં છે. જેવા જેના સંસ્કાર તેવો તે પ્રભાવ માણી શકે."

વળી કહે, હું એક તસ્વીર લઇ શકું?

હા.

અને તે તસ્વીર લે છે. મા સાથે પણ તેની એક તસ્વીર લીધી છે.

પ્રસાદ લઇને પ્રસન્નતાથી તે પાછા ફર્યાં છે. હોકી હેરીટેજ સેન્ટરનાં એ મહિલાનો ભાવ નોંધપાત્ર હતો.

યાત્રામાં ઘડીકસંગ આ વિદેશી મહિલાનો પણ પ્રભુએ જ નક્કી કર્યો હશે ને? ક્ષણિક દર્શન પણ ઝંકૃત કરી જાય છે, તે વાત નોંધપાત્ર છે.

આપણી બસના ચાલક—રથ આ તો યાત્રાનો—યાત્રારથના સારથિ શ્રી સ્ટીવન્સને પણ આજે ટીશર્ટ અને ટોપી મા પ્રસાદમાં આપે છે. સહજ રીતે સ્વીકારી છે. માથા ઉપર પહેરી છે હાથ જોડ્યા છે જય કૃપાળુ મા પ્રસન્નતાથી બોલ્યા છે.

જાણે, આ સ્ટીવન્સભાઇ આપણામાના જ એક સ્વજન છે. આપણી સાથે જ શુદ્ધ શાકાહારી બની ગયા છે. આજે તો ગુરુપૂર્ણિમા છે તો તેમણે પણ પેલા પાર્કમાં સૌ સાથે નીચે બેસીને જ ફળદૂધ લીધાં છે. વિનોદભાઇ સાથે જાણે મિત્રતા થઇ ગઇ છે. તો રંજનબહેન જેવાં સાધક તેની જોડે તેના પરિવારની વાતો પૂછીને ઘરના સભ્ય તરીકે મનાવી રહ્યાં છે. અતિ અનુકૂળ શ્રી



સ્ટીવન્સભાઇ માને એકલા મળે તો પણ હાથ જોડીને નમે છે. અને પ્રસાદ મળતા તો ખૂબ જ પ્રસન્ન થઇ ૐમાને જયકૃપાળુમા બોલી ઊઠે છે.

શ્રી સ્ટીવન્સભાઇ સાચે જ જાણે પ્રભુએ પ્રસાદમાં મોકલ્યાં હોય એવું માનવું જ પડે. બસમાં થતાં સતત ધૂન, ભજન, એ પ્રેમથી સહી લે છે. તો વળી નિયમ તો એવો છે કે બસમાં કોઇને ઊભા ના રહેવા દે. કે પગથિયા ઉપર પણ પણ નહીં. એ બન્ને નિયમોનો અહીં સૌ સાધકો ધૂન ભજન સમયે ગરબા ગાતાં ગાતાં નિયમની છૂટ લઇ લે છે. છતાં શ્રી સ્ટીવન્સભાઇ એક પણ વાક્ય કહેતા નથી.

હમણાં જ ઓટાવા એક દિવસની જ બસયાત્રા હતી. તેમાં બન્ને ચાલકભાઇ જરાક જુદા હતા. મીજાજી અને હસવાની જાણે મનાઇ ફરમાવતા તેના ચહેરા અને બસનું ડ્રાઇવીંગ પણ ડરાવે તેવું હતું. વળી ધૂનભજન તે સહન કરી શકતા ન હતા.

એટલે એ બંને ચાલકની સરખામણીમાં શ્રી સ્ટીવન્સભાઇ સાચે જ અલગ જ છે. પોતાની બસ કંપનીને દીપાવે તેવા, સૌના સાચા મિત્ર બનીને સાચા સંગાથી બને તેવા છે. આ સ્ટીવન્સભાઇને લીધે પણ યાત્રા આનંદથી છલકાતી રહી છે.

એ જ રીતે બાળકોના ભોજનની, નાસ્તાની, પ્રસાદની પણ ચિંતા શ્રી પ્રભુદાસ ને શ્રી રૂક્ષ્મણીબહેન એક મહિનાથી કરતાં હતાં. બાળકોને ભાવે તેવું, તાજું, અને બની શકે તો ગરમગરમ જ આપવાનું. એવી બધી જ ચીવટ રાખીને પોતાના જ સંતાનો છે એમ માની અન્નપૂર્ણા બનીને યાત્રામાં સૌથી મહત્ત્વની, મોટી અને અત્યંત જરૂરી સેવા કરી રહ્યાં છે. એમની સેવા આરોગ્યની મુખ્ય ચાવી છે. ધન્યવાદ હે દંપતિ, તમારી સેવાને.

એ જ રીતે ભાઈ અનિલ, હિતેશ અને ધ્રુવ કોમ્પ્યુટરની સેવા માટે સજ્જ છે. તો યાત્રામાં ઉજ્જવલ, હેમાલી પણ સતત જાણે દરરોજનું નાનું અધ્યાત્મ દૈનિક પત્ર બહાર પાડવા મથી રહ્યાં છે. આઠ પૃષ્ઠોમાં સરસ સમાચાર ફોટા સાથે પીરસે છે. એનો પરિશ્રમ દરરોજ રાત્રે કરી રહ્યાં છે.

આજે હોપવેલરોક નીચે ઉતરીને બાળકો જોઈ આવ્યાં છે. મા બસમાં જ બેઠાં હતાં. જપ કરતાં હતાં આ બધાં સ્થળો જોયાં છે એટલે ફરી જુઓ તો વાંધો નથી. યાત્રા વિદ્યાર્થીઓની છે. તેઓ જુએ, જાણે તે જરૂરી છે.

આજનો વિશ્રામ વિશાળ અતિપ્રતિદ્ધ હોલીડે, એક્ષપ્રેસમાં છે. ઉતારો ગમે ત્યાં હોય હરિને ભજવાનું યાદ રહે છે. હે હરિ, પ્રણામના આજે નિયમો જેમણે જેમણે લીધા છે તેમણે તેમણે શ્રી ગુરુભગવંતના શ્રી ચરણે પ્રણામનો અર્ધ્ય ધર્યો છે. નાના મોટા સૌ પાસે આજે ૨૫ પ્રણામ કરાવીને ગુરુપૂર્ણિમાનો પવિત્ર દિવસ પ્રારંભ કરાવ્યો છે.

માએ પણ પોતાની ૫૦૦ માળા પૂર્ણ કરી છે. આજે શ્રી ગુરુભગવંતની DVDનું પણ દર્શન કરીને સૌએ પોતાની આંખને વધુ પવિત્ર કરી છે.

પવિત્રપર્વ પૃથ્વીના કોઈપણ છેડે હોય, મનાવવું જ જોઈએને! આજે કેટલાક ફોન આવ્યા, ગુરુપૂર્ણિમાના પ્રણામના. તે સૌનું પરમમંગલ કરજો પ્રભુ. અહીં પણ જેમણે જેમણે નિયમો પાળ્યા છે તે તે સૌનું પરમ મંગલ કરજો.

આજે નાના બાળકોએ પણ પોતાની જિંદગીમાં પ્રથમ પ્રયોગ ફળફૂલ ઉપર કર્યો છે. અરે, નાના બાળકોએ મૌનવ્રતનો પણ પ્રયોગ કર્યો છે. માએ સાંજે ૧૨ કલાક થતાં જ એ નિયમો



નાનકડાઓનો પૂર્ણ કરાવ્યો છે.

ગુરુપૂર્ણિમાના પવિત્રપર્વે અહીં સંકીર્તન પણ થયું જ છે. હે ગુરુભગવંત, આપના પાવન શ્રી ચરણોમાં પ્રણામ, પ્રણામ, પ્રણામ. દર્શન દઈને સમાવી લો. અમારા અનંત જન્મોના આપ જ સાથી, સ્વામી, સ્વજન, સખા બનજો જન્મોજન્મ અખંડ દર્શન દેજો. અખંડ સંનિધિસુખપદેશો. અનંતજન્મોના અપરાધો ક્ષમા કરજો. પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

(ક્રમશઃ)

'સત્યપથ'માં 'મા' પાસે રંગોની પીચકારી છે, આવનારા રંગાય છે. —મા

'મા' સતત ખાલી જ હોય છે. કદી કોઈ વિચાર કે યોજના કરતા નથી. **—મા**

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪

# હરિ ! તમે

યોગેશ્વરજી

## અંજલિ

જ્યારે જ્યારે જીવનમાં વિપત્તિનાં વાદળો વરસે, પ્રતિકૂળ પરિસ્થિતિનું સર્જન થાય, ચિંતાથી ચિત્ત ચગડોળે ચઢી જાય ત્યારે ત્યારે સ્વજનો, મિત્રો કે વડીલોને પોકારવાને બદલે પ્રભુને જ અંતરના અંતરતમથી પ્રાર્થના કરીએ તો પ્રભુ જરૂર સાંભળશે એવા વિશ્વાસ સાથે થયેલી પ્રાર્થના કદી પણ નિષ્ફળ જતી નથી.

સાધનાક્ષેત્રે કે સાંસારિક યા સામાજિક ક્ષેત્રે અનેકવિધ ઉપાધિઓમાંથી પણ, હે પ્રભુ! તમે જ પાર ઉતારવાને શક્તિમાન છો. તો, હે પ્રભુ! કૃપાની વર્ષા કરોને.

જીવનને પરમ પવિત્ર બનાવીને જીવનપંથને સરળ કરી દો, જેથી કોઈ બાહ્ય કે આંતરિક અવરોધો આડે ના આવે. હે પ્રભુ! તમારા દરબારે સહજ રીતે દોડી જવાય અને તમે તરત જ સ્વીકારી લો એવી કંઈક કૃપા વરસાવી દો.

શ્રીહરિનાં શ્રીચરણે થયેલી આ પ્રાર્થના પ્રભુએ સાંભળી હતી. તેથી આ પ્રાર્થના મારે મન વિશેષ મહત્ત્વની છે. જે પોકારશે તેને પણ આ પ્રાર્થનાથી શાંતિ મળશે જ.



### હરિ! તમે

હરિ! તમે હળવો કરો મારો ભાર.

અવનવી અગણિત આવે ઉપાધિ,
કરી દો મુજને પાર....
તપ્ત થયેલી ધરા પુકારે,
વરસે વર્ષાની ધાર.... હરિ ! તમે....

ચિંતા—કલેશને દૂર કરી દો,
જીવનના આધાર!....
તન—મન—અંતર વિમલ કરી દો,
જીવનના હે સાર!.... હરિ ! તમે....

સરળતાથી પંથ કપાયે,
દોડી આવું દરબાર....
વિના વિલંબે સ્વીકારી લોને,
કેમ લગાડો વાર ?.... હરિ ! તમે....

સર્વોત્તમ સ્મરણો જ વાગોળો બીજું બધું ખંખેરી નાખો.
—મા

# પૂ.શ્રી માની સંનિધિ—સાગરનાં હરિરસમાં સ્નાન

ડો.બી.જે.જાગાણી

સત્કર્મનો દિવસ છે. મંગળવાર ને તારીખ ૨૯/૧૨/૨૦૦૯ છે. સ્વર્ગારોહણતીર્થમાં ૨૯૭ બાળકો સત્કર્મની સેવા પામવા ઉત્સક બની નિહાળી રહ્યાં છે. અમેરિકાથી સત્કર્મનો યજ્ઞ કરવા કૃપા—કિશન, પ્રિયા—નિમા, ભાવિશા ભક્ત—પ્રિયા પટેલ પૂ.શ્રીમાની સંનિધિ પામીને સ્વર્ગારોહણતીર્થમાં પધાર્યાં છે. તેઓ આજે સત્કર્મના મુખ્ય સહયોગીઓ છે. યજ્ઞવેદી પર જેમ હવિદ્રવ્યો ગોઠવાય તેમ જીવતા દેવોની સેવા માટેના સત્કર્મના આ યજ્ઞ માટે દફતર, કંપાસ, ગ્લાસ, ડિશ, રૂમાલ, ગરમ વસ્ત્રો, વાટકો, પ્રસાદ(બિસ્કીટ, બુંદી, ચવાણું, ચીકી, વેફર, મંચ) વગેરે હવિદ્રવ્યો તૈયાર છે. એ વસ્તુઓ જોઈને જ એમ થાય કે અહીં કંઈક મહોત્સવ લાગે છે.

પૂ.શ્રીમા જ્યાં જ્યાં વિચરણ કરે ત્યાં ત્યાં તીર્થ બને છે, મહોત્સવ સહજ રીતે થઈ જાય છે. સત્કર્મમાં સહયોગ ધરનારાં સુપાત્રો પણ આવી જાય છે ને લેનારાં પણ ધન્ય બની જાય છે. સેવા કરનારા ને દર્શન પામનારાઓને પૂ.શ્રીમાની સહજ લીલાનો લાભ અનાયાસે મળી જાય છે. સૂર્યદેવ ઊગે ને પક્ષીઓ કલરવ કરે, પતંગિયા ઉડે, ભ્રમરો ગૂંજે, પુષ્પો ખીલે, સુગંધ પ્રસરે, વાયુ વહે, જીવો પોતાનાં સહજ કર્મો કરે ને સ્વધર્મમાં સમાય તે રીતે પૂ.શ્રીમાની ઉપસ્થિતિમાં સૌ સાધકો, બાળકો, યુવાનો, વૃદ્ધો પ્રત્યક્ષપણે યજ્ઞકાર્યમાં સહજ રીતે જોડાઈ જાય છે.



આકાશમાં પણ દૃષ્ટિ કરીએ તો જણાય કે પૂ.શ્રીમાના આ સત્કર્મના યજ્ઞને જોવા અદૃશ્ય જગતના દેવી—દેવતાઓ અદૃશ્ય રીતે જોઈ રહ્યાં છે, વંદી રહ્યાં છે. એ કલ્પના કરીએ ત્યારે પ્રાર્થના થઈ જાય કે પૂ.શ્રીમાની સંનિધિમાં આ દિવસોમાં રહેવા મળ્યું એ જ મોટો આભાર, પૂ.શ્રીમાએ સૌને સ્વીકાર્યાં, પોતાનાં કર્યાં, સૌને તાર્યાને સત્સંગ આપ્યો માટે આભાર.

નાનકડો આદિત્ય 'ૐ યોગેશ્વર રક્ષમામ્'ની ધૂન ગવડાવે છે. આજે વિજળીદેવીની ક્યારેક ક્યારેક હડતાલ પડ્યા કરે છે. છતાંય સત્કર્મનો આ યજ્ઞ શિસ્તબદ્ધ રીતે ચાલ્યા કરે છે. પૂ.શ્રીમા ૧૧—૪૫ કલાકે પધારે છે. સત્કર્મના સહયોગીઓ વિદેશથી પધારેલા છે. તેના વિશે પૂ.શ્રીમા સ્લેટ પર લખે છે.

મા: ''આ બધા જ બાળકો સ્વર્ગારોહણ પહેલીવાર આવે છે. વ્યક્તિગત રીતે એક વાક્યની વાત કદી નથી કરી. હેમાલી ને ગોપીના સત્સંગથી ને માતા—પિતાના સંસ્કારોથી આજે એ સૌ અહીં આવ્યાં છે. એટલું જ નહીં પોતાની બચત સાથે લઈને આવ્યાં છે. એવાં એવાં બાળકોને પ્રભુ અહીં ઉતારે છે ને ધારેલા કામ કરાવે છે.''

આજે આપણા સત્કર્મ પર્વનો આઠમો દિવસ છે. પુસ્તકોમાં વાચેલું કે ભગવાન રામ રોજ સવારે સ્નાન કરીને દાન કરતા. તો એ શબ્દો અહીં જાણે છેલ્લા આઠ દિવસથી જીવતા જોઈ શકાય છે.

પ્રભુ આપવા ધારે તેને ગમે તે દિશાથી દાતાને મોકલે ને અપાવે. આ કોઈ જ બાળકો પાસે સીધી કે આડકતરી વાત કરી જ નથી. સર્વને પ્રભુ જ પ્રેરે, ચલાવે, દોડાવે ને અહીં ઉતારે.

આ વિવિધ શહેરોનાં બાળકો છે. એ બાળકોનાં શહેરમાં

પણ મા ક્યારેય ગયાં નથી. સાન્ડિયાગોમાં નીમાને પ્રિયા સત્સંગમાં આવે. કૃપા–કિશન પણ માતા–પિતાની સાથે સત્સંગમાં આવે. લૉસ ઍંજિલસથી દૂર રહે છે. છતાં માતા–પિતાની સાથે સત્સંગમાં આવે. એ રીતે ભાવિશા પણ માતા જોડે બે–ત્રણ વાર જ માને મળી છે. ને અમારાં પ્રિયાબહેન માને ક્યાં મળ્યાં તે મા જાણતા નથી. કદાચ સાન એન્ટોનિયો મળ્યાં હશે. મળવું એટલે સમૂહમાં. એ રીતે લૉસ ઍંજિલસમાં લાભ લીધો હશે. ને હવે ચાર–પાંચ દિવસથી અહીં છે. તો ગમતું હશે. પાછાં આવશે. ગોપી–હેમાલી લાવશે જ. એ રીતે બિન્દીયાબહેન પણ પરીક્ષા હોય ત્યારે માને યાદ કરે ને પાસ થઇ જાય. આ બધા જ બાળકોની વિશેષતા જાણવા જેવી છે. આજે અહીં જે બાળદેવતાઓની પૂજા માટે આમંત્રિત કર્યા છે તેની પૂજામાં મદદરૂપ થવાનું છે.

સહયોગી બાળકોના હૃદયમાં મા, સ્વર્ગારોહણતીર્થ, ને સત્કર્મો વિશે જે જે ભાવનાઓ ધબકતી હોય તે જાણ્યા વિના, માણ્યા વિના સત્કર્મનો આ યજ્ઞ અધૂરો રહે, એટલે પૂ.શ્રીમા એ બાળકોને બોલવા પ્રેરે છે.

**કૃપા :** ભારતમાં ને સ્વર્ગારોહણતીર્થમાં બીજીવાર આવું છું. મારે માટે સમગ્ર દુનિયામાં આ પસંદગીનું સ્થાન છે. આ સ્થાન ખૂબ જ શાંત છે. અહીં હું પ્રાર્થના કરું છું. અહીં કોઇ ચિંતા ને તનાવ નથી. અહીં શાંતિ મળી છે. ખૂબ આનંદ આવે છે. પૂ.માના ખૂબ આશીર્વાદ મળ્યા છે. હું પ્રાર્થના કરું છું કે દર વર્ષે અહીં આવવાનું થાય. પૂ.શ્રીમાની કૃપા વિના અહીં આવવું અશક્ય છે. આભાર મા.

**પ્રિયા :** અત્યારે બોલવા ઊભી થઇ છું તો એક સાથે અનેક



વિચારો આવે છે. પૂ.શ્રીમાને કેનેડામાં શિબિરમાં મળી હતી. અહીં આવી શકાય તેવા સંજોગો ન હતા. પૂ.શ્રીમાને પ્રાર્થના કરી. અહીં આવી શકાયું તે આખી જિંદગીનો સરસ દિવસ હતો. ઘેર ક્યારેક ક્યારેક પ્રણામ કરતી. અહીં રોજ પ્રણામ કરવા લાગી છું. આવતાં પહેલાં બીમાર પડી હતી. અત્યારે માંદગી ગઇ છે. સાજી થઇ ગઇ પ્રાર્થના કરી એટલે પણ મારે કારણે મા માંદા પડી ગયાં એવું મને લાગ્યું. અહીં અવર્ણનીય આનંદ–ખુશી છે.

પ્રિયાના આ ભાવજગતમાંથી ઊઠતાં સ્પંદનો પૂ.શ્રીમા ઝીલ્યા વિના કેમ રહી શકે! તરતજ સ્લેટ પર પૂ.મા લખે છેઃ

મા : ''પ્રાર્થના પ્રભુ સાંભળે છે. માંદગી પ્રભુએ જ દૂર કરી. આપણી બધી જ પ્રાર્થના પ્રભુ દરેક સ્થળે, સમયે સાંભળે છે. ક્ષિપ્રાએ ગઇકાલે એક સરસ વાત કરી આ બાળકોને(સત્કર્મનો લાભ લેનારા અભાવ ગ્રસ્ત પરિવારના ખાંસી ખાતા બાળકો) જ્યૂસને બદલે ખાંસીનો સીરપ પાઇએ. પ્રયોગ કરવા જેવો છે.''

પૂ.શ્રીમાનો આ સંકલ્પ થયો કે હારબંધ બેઠેલા બાળકો માટે મેડિકલ સ્ટોરમાંથી સીરપ પણ લાવી પીવડાવવાની વ્યવસ્થા થઇ ગઇ!

**<u>પ્રિયા પટેલ :</u>** ગોપીએ કહ્યું ભારત આવવું છે? હા પાડી. અહીં જિંદગીનું બેસ્ટ ક્રિસ્ટમસ ઉજવાયું. ખૂબ શાંતિ મળી. નાનાં નાનાં બાળકોનું હાસ્ય જોવા મળ્યું. બીજાની સેવા કરવાની તક મળી. સમાજસેવાનો આ પ્રથમ અનુભવ છે. કાલે જવાનું છે પણ જવાનું ગમતું નથી. પૂ.શ્રીમાને પ્રાર્થના કે સ્વર્ગારોહણતીર્થમાં વહેલાં વહેલાં બોલાવજો.

**ભાવિશા :** અહીં બીજી વખત આવી છું. અગાઉ દશરથાચલ પર્વત પર ગયા ત્યારે આવેલી. સ્વર્ગારોહણતીર્થને માણવું હોય તો અહીં રહેવું પડે. ખૂબ જ મજા આવી છે. ગોપી અને હેમાલીથી સત્સંગ થયો છે. ગોપીના ફોનથી અહીં આવવાનું થયું છે. સત્કર્મમાં પૂ.શ્રીમાની સંનિધિ મળી માટે આભાર.

**નિમા :** આ મારી પ્રથમ યાત્રા છે. અહીં આવી તો પૂ.શ્રીમાએ આવકારી છે. નાનાં નાનાં બાળકોને પાણી પીવડાવું છું ત્યારે થાય છે કે અમેરિકામાં તો બાળકો પાસે ખૂબ જ વસ્તુઓ હોય છે. આ બાળકો પાસે વસ્તુઓનો અભાવ છે. સ્વર્ગારોહણ ખૂબ ગમે છે. ગરબા કરવાનું ખૂબ ગમ્યું. હીંચકાથી સારું લાગ્યું. વડીલો–દાદા લોકોને પણ માએ ગરબા કરાવ્યા તે દૃશ્ય ખૂબ ગમ્યું. મા પ્રસાદ વહેંચે ને ડોનેશનની રકમ પણ જાહેર કરાવે. આ બધું ખૂબ ગમ્યું. પાછું જવું નથી ગમતું કારણ કે સ્કૂલમાં જવું પડે છે. અહીં ખૂબ ગમ્યું.

**કિશન :** અહીંના આનંદનું વર્ણન થતું નથી. પ્રથમ વખત આવ્યો છું. અહીં આવ્યો તો ફ્લાઇટ કેન્સલ થઇ. લગેજ ખોવાઇ ગયો તો પણ હું સ્વર્ગારોહણ આવી શક્યો. મારી પ્રાર્થના માએ સાંભળી એટલે તો અહીં અવરોધો વચ્ચે પણ આવી શક્યો.

હવે સહયોગી બાળકોના હસ્તે જ સત્કર્મની વસ્તુઓ ને પ્રસાદ નાનાં નાનાં બાળકોને અપાય છે. પૂ.શ્રીમા પણ પોતાના સ્થાનેથી સૌને દર્શન, સુખ ને સંનિધિ ધરી રહ્યાં છે. સ્વર્ગારોહણના નાનાં નાનાં બાળકોને પણ આ સત્કર્મમાં પૂ.શ્રીમા સહજ રીતે જોડી દે છે નાનકડી ઉંમરમાં સત્કર્મનું ભાથું બાંધી દે છે.



બપોરના ૨ કલાકે સત્કર્મની વસ્તુઓ નાનાં નાનાં બાળકોને અપાઇ જાય છે. ધૂન–સંકીર્તન સાથે વિદાય કરવામાં આવે છે. શ્રી ભરતકુમાર ત્રિવેદી, શ્રી ચંદુભાઇએ પૂ.શ્રીમાની દિવ્યશક્તિના પ્રસંગોનું વર્ણન કર્યું. પૂ.શ્રીમાને શ્રી કાલીદાસબાપુજીની વાતો સ્મરણમાં આવી ને સ્લેટ પર ઉતારી ''અમે એક, બે, ત્રીજુ ધોરણ કર્પૂરવનમાં ભણેલાં. તો બાપુજીનો નિયમ કે કેરીની સીઝનમાં પાકી કેરીનો મોટો ટોપલો લઇ પોતે જ સ્કૂલના ઝાંપે ઊભા રહે. સ્કૂલનાં બાળકોને કેરી વહેંચે. એ રીતે શેરડીનો પાક થતો. રસના કેન ભરી બાળકોને પસાદમાં વહેંચે. એ રીતે ૧૫ ઓગસ્ટે, ૨૫મી જાન્યુઆરીએ બધા જ બાળકોને દૂધ બાપુજી પોતે જ આપે. કેવી સરસ પ્રેરક પગદંડી બાળપણથી જ માને પ્રભુએ બતાવી! આજે આઠ આઠ દિવસ સત્કર્મના થઇ ગયા. તમે સૌ પણ આ સત્કર્મમાં પ્રેમથી પડખે રહ્યાં છો.''

બપોરના ત્રણ વાગ્યા છે. સૌ ભોજન માટે ભોજનશાળામાં જાય છે જેના તરફથી ભોજન છે તેણે ખૂબ ભાવપૂર્વક જમવાની વિનંતી કરી છે.

આજે રાત્રે ઉજ્જવલ વિદાય લે છે. પૂ.શ્રીમા રાત્રે ૧૧–૦૦ કલાકે વિદાય આપે છે. ''વિદાયની ગિફ્ટ આપે છે.'' પ્રભુ રક્ષા કરશે. જલ્દી સ્વાર્ગારોહણ આવવા જવું પડે.ઉજ્જવલ સ્વર્ગારોહણનો છે.'' આવાં આવાં વાક્યો પૂ.શ્રીમા સ્લેટ પર લખીને ઉજ્જવલને આશીર્વાદ ધરે છે.

સત્કર્મ, સત્સંગ, આશીર્વાદ, આનંદ, માનાં દર્શન, ભોજન ને પૂ.શ્રીમાની સતત સંનિધિમાં આખો દિવસ પસાર થઇ ગયો ને સૌને જીવનનું નવું ભાથું, નવી દિશા નવું જોમ, નવો ઉત્સાહ, નવો રાહ આપતો ગયો. સૌ પૂ.શ્રીમાનો આભાર માનીને ધન્ય થયા.

# પૂ.માની નિત્યનોંધ

મા સ્રવેશ્વરી

### તા.૧૨/૧૨/૦૭ આલંદી, દેહૂ થઈ મુંબઈ

બારમી તારીખ અને બારમો મહિનો. જાણે કહી રહ્યા છે બહાર નીકળો, બહાર નીકળો. આ સંસારી ખાબોચિયામાંથી આનંદના અધ્યાત્મ સાગરમાં સ્નાન કરો. બહાર આવો, બહાર આવો. સામાન્ય છીછરા રાગ દ્વેષથી બહાર આવો. સૌને પ્રેમથી જીતી લો. જગત આપણું છે, એમ માની ચાહી લો.

આજનું પ્રભાત નયનરમ્ય દૃશ્ય સાથે કલા સાગરમાં પ્રગટ્યું ત્યારે પક્ષીઓ બારી પાસે આવીને જાણે માને તેમના મંત્રગાનથી જગાડી ગયાં.

દૂર દૂર પૂના શહેરનો ઉકરડો જોવા મળે છે. ૭, ૮ માણસો તેમાંથી કંઈક શોધવાનો પરિશ્રમ ઉઠાવી રહ્યા હતા. આ ઉકરડામાંથી પણ એમને ઉપયોગી વસ્તુ મળતી હશે. તે શોધીને, તેને વેચીને પેટ ભરી લેવાનું છે.

આ માનવદેહ પણ મળમૂત્રથી ભરેલો ઉકરડા જેવો જ છે. તેમાં આત્મદેવનું કિંમતી રત્ન છૂપાયેલું છે. તેને શોધવાનો પ્રયત્ન કરો એવું આ ૭, ૮ માણસો દૂર દૂર કલાસાગરમાં (માનો ઉતારો) સૂતેલાં માને શીખવી રહ્યા છે.

અહીં એ દૃશ્ય ચાલુ પ્રણામે શ્રી હરિએ બતાવ્યું.

પ્રણામ પછી આલંદી તીર્થક્ષેત્રે પ્રસ્થાન થયું છે. માત્ર ૨૦ કિ.મી દૂર છે.

જ્ઞાનેશ્વર પ્રભુના આ તીર્થક્ષેત્ર સાથે દક્ષિણયાત્રાનાં પવિત્ર



સ્મરણો સ્મૃતિ પટ પર હાજર થયાં છે.

એ ક્ષેત્રમાં માત્ર પાંચ જ મિનિટ હરોળમાં ઊભા રહ્યા ને મુખ્ય મંદિરમાં દર્શન થઈ ગયાં.

માત્ર એક જ મિનિટ માત્ર પ્રણામ કરીને બહાર નીકળી જવાનું.

હરોળમાં પ્રવેશ્યાં ત્યારથી સતત પ્રાર્થના મન અંતરમાં, જાણે જ્ઞાનેશ્વર પ્રભુએ જ શરૂ કરાવી દીધી.

દર્શન દઈને સમાવી લો.

સતત સહજ પ્રાર્થના થતી રહી.

આપણા તીર્થસ્થાનોમાં સ્વચ્છતાનો જાણે સદંતર અભાવ જોવા મળે, તે અહીં પણ જોવા મળ્યો. દાન પેટી કે અંદરનું મુખ્ય સ્થાન કે નીચેની ટાઈલ્સ બધું જ જાણે અનંત જન્મોથી ધૂળે ઢંકાયેલા જીવ જેવું હતું.

દેવને પણ સ્વચ્છતા તો પ્રિય જ હોય ને? દર્શનાર્થીઓ કે સૂત્રધારો બધા જ જાગે તો જ એમાં કંઈક થઈ શકે.

પૂનાની ઈન્દિરાદેવીના સ્થાનની સ્વચ્છતા નોંધપાત્ર હતી.

અહીં દર્શન પછી આ તીર્થક્ષેત્રે ક્યાં કેવી પ્રાર્થના સંભળાઈ તેની વાતો મા સ્લેટમાં લખીને સૌને પ્રસાદમાં ધરે છે.

નાનકડી ઉંમરે જ્ઞાનેશ્વર પ્રભુએ કેટલું બધું શક્વર્તી કાર્ય જ્ઞાનેશ્વરી ગીતાનું કર્યું. અદ્ભુત એ સર્જન. એમની અન્ય સિદ્ધિઓ પણ અદ્ભુત. માની સાધનામાં પણ એમની અદ્ભુત સહાય. હે સમર્થનાથ, આપના પાવન શ્રી ચરણે પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

ત્યાંથી માત્ર ૧૦, ૧૨ કિ.મી. દેહૂ છે. જ્યાં શ્રી તુકારામ

પ્રગટ્યા છે.

ત્યાં વિઠ્ઠલમંદિરમાં માત્ર બે જ મિનિટમાં દર્શન થયાં છે. અહીં તુકારામજીની હસ્તપ્રત પણ છે. ૫૦૦૦ થી પણ વધુ ગાથાનું સર્જન એ એમનું આગવું પ્રદાન છે.

અહીં માને થયેલું વરસો પહેલાનું દર્શન કેટલું બધું સાવ સાચું હતું. તેની વાત સૌને મા કરે છે.

હવે અહીંથી તુકારામજીના જન્મસ્થળે મંદિરની હરોળમાં જ આગળ ચાલીએ એટલે તે સ્થળ આવે. અહીં સ્વચ્છતા સારી હતી. શાંતિ હતી.

એ ઘર સંભાળનાર તુકારામજીના દશમી પેઢીના સૂત્રધારો હતા. તુકારામજીની ૨ ગાથા લખી હતી. વળી, ઘરમાં પણ ચારે બાજુ સરસ પ્રેરક પંક્તિઓ લખી છે. બે વૃદ્ધ બહેનો એ સંભાળતી હતી.

ગામની બહાર તુકારામજી સદેહે સ્વર્ગે ગયા તે સ્થાન છે. સૌએ તેનાં દર્શન કરી લીધાં.

ગામથી દૂર ભંડારા પર્વત છે. જ્યાં તુકારામજી દર્શનનો પ્રસાદ પામ્યા હતા. ત્યાં મંદિર છે. અખંડ સંકીર્તનનો કાર્યક્રમ થવાનો છે એની જાહેરાત પણ ત્યાં થતી હતી.

બે પદયાત્રી દર્શન માટે આવી રહ્યા હતા. તે પણ મળે છે.

પઢંરપૂર, આલંદી, દેહૂ ત્રણે સ્થળની યાત્રા કરીને ભંડારા પર્વત ઉપર તે આવી રહ્યા હતા.

તેઓ મદદ માગી રહ્યા હતા, તો સહજ રીતે મદદ આપી છે.

ભંડારા પર્વત ઉપરથી પાછા રોડ ઉપર આવી ગયા. જરાક



જ આગળ જઈએ એટલે લોનાવલા આવે. અહીં સૌ ભોજન લે છે.

અને પછી મુંબઈ તરફ ગાડી આગળ વધી રહી છે.

ભારે ટ્રાફિક વચ્ચે સમય પસાર થયો. તે સમયને શ્રી જગુભાઈએ 'કોણ?' માની એ રચનાએ ચાર પાંચ રાગમાં ગોઠવીને ગાઈ બતાવી. સૌએ તેને સાથે મળીને વારંવાર ગાઈ.

જાણે સમયનો સરસ સદુપયોગ થયો છે. ભાઈ આનંદ સરસ રીતે સારથિપદ સંભાળે છે.

ગઈ કાલ ને આજ બન્ને દિવસ ૧૦, ૧૦ કલાકની યાત્રા અને તેનો પરિશ્રમ તો આ માના શરીરને પણ લાગે જ ને? છતાં તીર્થયાત્રા સરસ રીતે સુરક્ષિત થઈ શકી તેનો આનંદ છે.

મહાબળેશ્વરના શાંતિપ્રદાયક વિશ્રામ પછી આ લાંબીયાત્રાનો ખળભળાટ પણ માણ્યો.

સંત જ્યાં પ્રગટ્યા તે તીર્થમાં હાજરી તો પૂરાવી શક્યા.

હે તીર્થશ્રેષ્ઠ સંતો, આપના પાવન શ્રી ચરણે પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

આપણા છૂપા સત્કર્મની નોંધ કોઈક તો લે છે.
—મા

નિવૃત્તિ અને પ્રવૃત્તિમાંથી વૃત્તિ ઊઠી જાય તો 'નિ' અને 'પ્ર'નું મહત્ત્વ નથી. **—દિલીપકુમાર રોય**

# સ્વામી રામના પ્રસંગો

**શ્રી કુંદનિકા કાપડિયા**

## રોગ–નિવારક શક્તિનો પ્રથમ અનુભવ

(સ્વામી રામના જીવનના આ પ્રસંગો હિમાલયના સિદ્ધયોગીઓના પુસ્તક 'લિવિંગ વીથ ધ હિમાલયન માસ્ટર્સ'નો ગુજરાતી અનુવાદ છે જે શ્રી કુંદનિકા બહેન કાપડિયાએ કરેલો છે. તેઓની આ સેવા ખરે જ પ્રસસ્ય છે, કારણ કે તે વિના હિમાલયમાં વસતા આ સાચા મહાપુરુષો કે સિદ્ધો વિષે આપણે ક્યારેક જ કશુ જાણી શકત, કેમકે બીજા કોઈ ગ્રંથોમાં તેઓનો ઉલ્લેખ ખાસ જોવા મળતો નથી.

અહીં જે બે પ્રસંગો રજુ કરવામાં આવ્યા છે, તે ચમત્કારો જરૂર છે, પરંતુ તેમાંનું મહત્ત્વનું પાસું ચમત્કારો જ દર્શાવવાનું નહીં, પરંતુ આવા સિદ્ધપુરુષો કેવા કરુણાવાળા હોય છે ને તેઓ કોઈપણ અહંભાવ કે પ્રસિદ્ધિની ખેવના વગર લોકોને કેવા ઉપયોગી થાય છે. તે દર્શાવવાનો છે.)

–તંત્રી

હું બાર વર્ષનો હતો ત્યારે મારા ગુરુ સાથે પગપાળા પ્રવાસ પર નીકળ્યો હતો. એટા(ઉત્તર પ્રદેશ)માં રેલવે સ્ટેશન પાસે અમે થોભ્યા. મારા ગુરુએ સ્ટેશન–માસ્તર પાસે જઈને કહ્યું : 'મારો બાળક મારી સાથે છે અને તેને ભૂખ લાગી છે. કૃપા કરીને અમને કંઈ ભિક્ષા આપો.' સ્ટેશન માસ્તર ઘેર ખાવાનું લેવા ગયા પણ તે પહોંચ્યા કે પત્ની બૂમાબૂમ કરવા લાગી : 'તમને ખબર તો છે કે આપણો એકનો એક દીકરો શીતળામાં



તરફડે છે. આવા ભટકતા સાધુઓને ખાવાનું આપવાનું અત્યારે તમને કેમ સૂઝે છે? મારો દીકરો મરણપથારીએ છે. જતા રહો અહીંથી. હું બહુ દુઃખમાં છું.'

સ્ટેશન–માસ્તર આવ્યા ત્યારે તેમનું મોં પડી ગુયું હતું. માફી માગતાં તેમણે કહ્યું : 'શું કરું? મારી પત્ની કહે છે, એ સાચા સાધુ હોય તો આપણી પરિસ્થિતિ જાણી આપણા બાળકને સાજો કેમ કરતા નથી? એમને કાંઈ અક્કલ છે કે નહીં? આપણો એકનો એક દીકરો મરણપથારીએ છે અને એમને ભિક્ષાની ચિંતા છે?'

મારા ગુરુ મંદ હસ્યા અને મને તેમની પાછળ પાછળ જવાનું કહ્યું. અમે સ્ટેશન–માસ્તરને ઘેર ગયા. એમની સામે પડકાર હતો અને એ ઝીલવામાં એમને આનંદ આવતો. પણ મેં ફરિયાદ કરી : 'મને ભૂખ લાગી છે. આપણે ક્યારે જમીશું?'

તેમણે કહ્યું : 'થોડી રાહ જોવી પડશે.'

મારી આ ફરિયાદ ઘણી વાર રહેતી. અનેક વાર હું રડતો: 'તમે મને વખતસર ખાવાનું આપતા નથી.' રડતો રડતો હું ભાગી જતો, પણ તે મને ધીરજના પાઠ શીખવતા હતા.

તેમણે કહ્યું: 'અત્યારે તું ક્ષુબ્ધ થયેલો છે. પાંચ મિનિટ રાહ જો, તારી બધી વ્યાકુળતા શમી જશે. આ પળે ધીરજ ઉચિત છે.' પણ મેં ફરિયાદ ચાલુ રાખી. પેલી બાઈ મને ઘરની બહાર કાઢી મૂકવા માગતી હતી. એ પહેલી વાર મેં કોઈને શીતળાનો રોગ થયેલો જોયો. છોકરાને આખા શરીરે મોટા દાણા ફૂટી નીકળ્યા હતા. મોં પર પણ દાણા હતા અને તેમાંથી પરુ નીકળતું હતું. મારા ગુરુએ છોકરાનાં માબાપને કહ્યું: 'ચિંતા ન કરો, બે મિનિટમાં તમારો દીકરો સાજો થઈ જશે.'

તેમણે પાણીનો પ્યાલો લીધો અને છોકરો સૂતો હતો તે ખાટલા ફરતા ત્રણ વાર આંટા માર્યા. પછી એ પાણી પોતે પી ગયા. પછી તેમણે સ્ત્રી સામે જોઈને કહ્યું: 'એ સાજો થઈ રહ્યો છે જુઓ છો ને?' અમે તો દિંગ થઈ ગયા. છોકરાના શરીર પરથી દાણા અદૃશ્ય થવા માંડ્યા. એ જોઈ હું અત્યંત ક્ષુબ્ધ થયો. મને બીક લાગી અને હું રડવા માંડ્યો. તેમણે શાંતિથી કહ્યું: 'ચિંતા કરીશ મા. મને કશું થવાનું નથી.'

બે જ મિનિટમાં છોકરાનું મોં સંપૂર્ણપણે સાફ થઈ ગયું. અમે ઘર છોડીને બહાર નીકળ્યા. અને વડના એક ઝાડ નીચે પહોંચ્યા. તે ઝાડ નીચે બેઠા અને તરત જ શીતળાના દાણા તેમના મોં પરથી અદૃશ્ય થઈ, ઝાડ પર દેખાવા લાગ્યા. દશ મિનિટ પછી દાણા ત્યાંથી પણ અદૃશ્ય થઈ ગયા. મારા ગુરુ સાજાનરવા છે એવું જોતાં હું તેમને વળગી પડ્યો અને હીબકાં ભરવા લાગ્યો.

'આવું ફરી કરતા નહીં' મેં કાકલૂદી કરી, 'તમે સારા દેખાતા નહોતા. મને બહુ ભય લાગતો હતો.'

ઘણા લોકો એમને શોધતા ત્યાં આવી પહોંચ્યા. મેં કહ્યું: 'આપણે કંઈ ખોટું કર્યું છે?' તેમણે કહ્યું: 'ના, મારી સાથે ચાલ.' તેમણે મારો હાથ પકડ્યો અને ફરી જમુના નદીને કાંઠે ચાલવા લાગ્યા. છેવટે અમે એક મકાન પાસે થોભ્યા. ત્યાંથી અમને ખાવાનું મળ્યું. પછી અમે એક બંધ ઓસરીમાં ગયા. ત્યાં કોઈ નહોતું. અમે ત્યાં જમ્યા અને આરામ કર્યો.

સાચા સાધુઓ બીજા ખાતર સહન કરવામાં આનંદ માને છે. સાધારણ લોકોના ખ્યાલથી આ પર છે. મનુષ્યજાતના ઈતિહાસમાં એવા ઘણા આધ્યાત્મિક નેતાઓ થયા છે, જેમણે



બીજા ખાતર પોતે દુ:ખ સહન કર્યું હોય. આજે પણ ઘણા લોકો આવાં દૃષ્ટાંતને અનુસરે છે. વ્યક્તિગત ચેતના જ્યારે વિશ્વચેતનામાં વિસ્તાર પામે ત્યારે બીજાઓ માટે સહન કરવામાં આનંદ આવે છે.

ઈન્દ્રિયો સુખ અને દુ:ખ બન્નેનો અનુભવ કરે છે, પણ જેનું મન ઈન્દ્રિયોથી ઉપર ઊઠ્યું છે તે સુખદુ:ખના દ્વન્દ્વમાંથી મુક્ત થાય છે. મનને ઈન્દ્રિયોમાંથી પાછું ખેંચી અંદર કેન્દ્રિત કરી ચેતનાનું કેન્દ્ર ખુલ્લું કરવા માટેની પદ્ધતિઓ છે. મન એવી સ્થિતિમાં હોય ત્યારે ઈન્દ્રિયગત સુખદુ:ખની તેના પર અસર થતી નથી. આવા એકાગ્ર મનમાં ગતિશીલ ઈચ્છાશક્તિ સર્જાય છે, ને બીજાઓને સાજા કરવામાં કામ લાગે છે. ચેતનામાં એક કેન્દ્રમાંથી, મનુષ્યમાં રોગનિવારક શક્તિનો આ બધો પ્રવાહી વહી આવે છે, પણ આવો માણસ પોતાના અલગ વ્યક્તિત્વ વિશે સભાન બને કે રોગનિવારક શક્તિનો આ સ્વયંસ્ફૂર્ત પ્રવાહ અટકી જાય છે. રોગનિવારણની શક્તિ મનુષ્યની સ્વાભાવિક શક્તિ છે. નિમ્ન મનથી અવરોધાયા વગરની ઈચ્છાશક્તિ દ્વારા બીજાઓને સાજા કરવાનું શક્ય બને છે.

## મારા ગુરુ મને રોગ દૂર કરવા મોકલે છે

એક સરસ સવારે હું ને મારા ગુરુ અમારી ગુફાની બહાર બેઠા હતા કે અચાનક એમણે કહ્યું: 'તારે બસ પકડવાની છે. બસનો રસ્તો અહીંથી સાત માઈલ દૂર છે, એટલે જલદી કર.' તેઓ મને આમ અચાનક જ ઊભા થઈને ક્યાંક જવાનું કહેતા. ઘણી વાર મને એના કારણની ખબર પડતી નહીં, પણ એ જગ્યાએ પહોંચ્યા પછી મને કારણની ખબર પડતી. મેં ઊભા થઈને પાણીનું કમંડળ લીધું. તેમણે કહ્યું: 'હરદ્વાર સ્ટેશને જતી

બસ પકડ. ત્યાં તને ટિકિટ મળશે. એ લઈને હરદ્વારથી કાનપુર જા. ત્યાં ડૉ. મિત્ર પથારીવશ છે અને આખો વખત મને યાદ કરે છે. એને મગજમાં હેમરેજ થયું છે અને એના જમણા નસકોરામાંથી લોહી નીકળે છે. પણ એની પત્ની એને હૉસ્પિટલમાં લઇ જવા દેતી નથી. એના બનેવી ડૉ. બસુને ખબર છે કે આ બ્રેઇન હેમરેજ છે, પણ ત્યાં ઑપરેશન કરવાની સગવડ નથી.'

મેં પૂછ્યું : 'હું ત્યાં જઈને શું કરું?'

'એના ગાલ પર પ્રેમથી એક હળવી ટપલી મારજે. તને પોતાને ચિકિત્સક માનતો નહીં. એમ માનજે કે તું વાહન છે. મેં એને ને એની પત્નીને વચન આપ્યું છે કે આપણે હંમેશા તેમને મદદ કરીશું. શક્ય તેટલી ઝડપથી જા.'

મેં કહ્યુંઃ 'એ તો નવાઈની વાત કે મારી જાણ બહાર તમે મારા વતી વચન આપો છો!' આવા લાંબા પ્રસંગે જવા મારું મન આનાકાની કરતું હતું, પણ હું એમની આજ્ઞાનું ઉલ્લંઘન કરી શક્યો નહીં. હું હરદ્વાર સ્ટેશને પહોંચીને ઊભો રહ્યો. મારી પાસે પૈસા નહોતા અને કાનપુર ટ્રેન છૂટવાને ફક્ત અડધા કલાકની વાર હતી. મેં મારી ઘડિયાળ તરફ જોયું. મને વિચાર આવ્યો કે હું તે વેચીને ટિકિટ ખરીદી શકું. સ્ટેશન પર એક સજ્જન પાસે જઈને મેં પૂછ્યું કે મારી ઘડિયાળ રાખીને તમે મને ટિકિટ ખરીદવા પૈસા આપશો કે કેમ. મારા આશ્ચર્ય વચ્ચે તેણે કહ્યુંઃ 'મારો દીકરો મારી સાથે આવી શક્યો નથી એટલે મારી પાસે એક વધારાની ટિકિટ છે. મહેરબાની કરીને આ ટિકિટ લો. મને ઘડિયાળની જરૂર નથી.'

હું ટ્રેનમાં બેઠો. ટ્રેનમાં એક બહેન સાથે મારી ઓળખાણ



થઈ. તે પણ કાનપુર જતાં હતાં અને ડૉ. મિત્રનાં નજીકનાં સગાં હતાં. ડૉ. મિત્ર પાસેથી તેમણે મારા ને મારા ગુરુ વિશે સાંભળ્યું હતું. તેમણે મને ખાવાનું આપ્યું. અમે આખી રાત મુસાફરી કરી. સવારે ટ્રેન કાનપુર પહોંચી. સ્ટેશન પર એટલી બધી ભીડ હતી કે દરવાજામાંથી બહાર નીકળતાં મને દસ મિનિટ લાગી. સ્ટેશનની બહાર અચાનક જ મને એક માણસ મળી ગયો, જે મને સારી રીતે ઓળખતો હતો. તે તેની ગાડી બાજુમાં રાખીને કોઈકની વાટ જોતો હતો, પણ એ માણસ આવ્યો નહીં. દિલ્લી સ્ટેશને તે ટ્રેન ચૂકી ગયો હશે. એ માણસ મને એને ઘેર લઇ જવા માગતો હતો, પણ મેં ડૉ. મિત્રને ઘેર જવાનો આગ્રહ રાખ્યો.

અમે ત્યાં પહોંચ્યા ત્યારે ત્રણ ડૉક્ટરો ડૉ. મિત્રને તપાસતા હતા. તેમના પત્ની મને જોઈને ખુશ થઇ જઇને બોલ્યાંઃ 'લો, તમે આવી ગયા તો હું મારા પતિને હવે તમારા હાથમાં સોંપી દઉં છું.' આ છે ભારતના લોકોની સાધુ—સન્યાસીઓ પ્રત્યેની અંધશ્રદ્ધા. મેં કહ્યુંઃ 'હું કાંઇ ચિકિત્સક નથી. હું તો માત્ર એમને જોવા આવ્યો છું.' હું ડૉ. મિત્રની પથારી નજીક ગયો પણ નાકમાંથી લોહી વહેવાને કારણે તેમને બેઠા થવાની છૂટ નહોતી.

તેમણે મને જોતાં જ પૂછ્યુંઃ 'ગુરુજી કેમ છે?' મેં તેમના જમણા ગાલ પર એક હળવી ટપલી મારી. થોડી જ મિનિટોમાં લોહી વહેતું બંધ થઇ ગયું. એક ડૉક્ટરે એવો ખુલાસો કર્યો કે મારી થાપટને લીધે રક્તવાહિની બંધ થઇ ગઇ અને હવે એ પુરાઇ ગઈ હતી.

મને ખબર નહોતી કે મેં શું કર્યું છે. મેં તો ફક્ત મારા ગુરુની સૂચનાનું પાલન કર્યું હતું.

ડૉ. મિત્રના ઝડપી સાજા થઈ જવાની વાત આખા શહેરમાં ફેલાઈ ગઈ. સેકડો દર્દીઓ મને શોધવા લાગ્યા. આથી એ જ દિવસે સાંજે મેં શહેર છોડી દીધું અને બીજી સવારે હરદ્વાર પહોંચી ગયો. ત્યાંથી હું મારા ગુરુ પાસે ગયો. તેમને ચીડવતાં મેં કહ્યુંઃ 'હું હવે એનો ભેદ જાણી ગયો છું. હવે હું કોઈનું પણ હેમરેજ અટકાવી શકું.'

તે હસ્યા. કહ્યુંઃ 'જે ડૉક્ટરે તને ખુલાસો કર્યો તે તદ્દન અજ્ઞાની છે. પીડાના અનેક પ્રકાર અને અનેક સ્તર છે. પણ એ બધાની જનની છે અજ્ઞાન.'

ઘણીવાર ગુરુની આજ્ઞાથી મારે શાને માટે અને ક્યાં જાઉં છું તેના ખ્યાલ વગર જ અચાનક નીકળવું પડતું. આવા ઘણાં અનુભવ મને થયા હતા. તે પરથી હું એવા અનુમાન પર આવ્યો હતો કે ઋષિઓની રીતો રહસ્યમય હોય અને તેને સમજવાનું સામાન્ય માણસનું ગજું નથી હોતું. અનુભવથી મને જ્ઞાન મળતું હતું. જે માણસ મનનાં બંધનોથી મુક્ત હોય છે, તે ભૂત, ભવિષ્ય ને વર્તમાન સમાનપણે જાણી શકે છે. આ બંધનો કે મર્યાદા એટલે સમય, સ્થળ અને કારણ. સામાન્ય માણસ આ મર્યાદા ભેદી શકતો નથી પણ મહાન ઋષિઓ તે કરી શકે છે.

એકવાર મેં મારા ગુરુને પૂછેલુંઃ 'દુનિયાના માણસ માટે મનની આ બધી મર્યાદાઓમાંથી મુક્ત થવાનું શક્ય છે? કે એણે તમારા જેવી શક્તિઓ ખીલવવા આખી જિંદગી હિમાલયમાં રહેવું પડે?'

તેમણે કહ્યુંઃ 'માણસ જો એના જીવનના હેતુઓ વિશે નિરંતર જાગ્રત રહે અને તેનાં બધાં કર્મ એ જ હેતુની સિદ્ધિ અર્થે કરે તો તેને માટે કશું જ અશક્ય નથી. જેઓ જીવનના હેતુથી અજાણ છે તેઓ જ દુઃખના ચક્કરમાં સપડાય છે.'



કોઈપણ માણસ તેનાં કર્તવ્યો કર્યા વિના રહી શકે નહીં, તે નિયમ છે. પણ આ કર્તવ્યો કુશળતાપૂર્વક નિઃસ્વાર્થપણે કરવામાં આવે તો તે કરનારને બાંધતાં નથી. પ્રેમથી કરેલાં કર્મો ને કર્તવ્યો મુક્તિના માર્ગનાં સાધન બને છે. કર્તવ્યો બજાવવાં તે મહત્ત્વનું છે, પ્રેમ વધારે મહત્ત્વનો છે.

માંદાને સાજા કરવાની શક્તિ દરેક માણસમાં રહેલી છે, પણ તેને એનો ઉપયોગ કરતાં આવડતો નથી. જે પળે તેને એ શક્તિનો સંપર્ક થાય છે, તે પળે તે પોતાને સાજો કરી શકે છે. બધી શક્તિઓ એકમાત્ર પરમાત્મામાંથી આવે છે. મનુષ્ય તો માત્ર સાધન છે.મારા ગુરુ મને રોગ દૂર કરવા મોકલે છે.

ભક્તનું સદ્‌ભાગ્ય હોય તો ભગવાન મળે. પણ ભગવાનને ભક્ત મળે એ ય ઓછા ભાગ્યની વાત નથી.

—મા

કોઈ ખોજ માટે પ્રવૃત્તિ કરે, કોઈ નિવૃત્તિમાં ખોજ કરે, આ પોતાના સ્વભાવ અને સંસ્કાર પર આધારિત છે. જો એમ જ હોત તો પ્રવૃત્તિમય જીવન—ન મામ્ કર્માણિ લિંપન્તિ ન મે કર્મફલે સ્પૃહા । એ ભગવાન કૃષ્ણે ગીતામાં કહ્યું ના હોત. **—દિલીપકુમાર રોય**

# એક યુવાન સાધકની મુલાકાત

(૧૯૮૬ની વાત) **નારાયણ હ. જાની**

આ વર્ષે દિવાળી પછી અમે ભાવનગર પહોંચ્યા ત્યારે અમારા પુત્ર અજયનો એક એન્જિનિયર મિત્ર ઘરે મળવા આવ્યો. તેની નાની ઉંમર છતાં તેના ઉચ્ચ અભ્યાસને લીધે તેને સારો પગાર મળતો ને તેનો હોદ્દો પણ કંપનીમાં ઊંચો હતો.

તેણે મારા પુત્રને વાત કરતાં કહ્યું, ''અહીંથી હરિદ્વાર થઈ ઋષિકેશ જઈ આવ્યો. ત્યાં આઠેક દિવસ—શિવાનંદ આશ્રમમાં રોકાયો, ગંગા મજાની લાગી પરંતુ ઘણા બધા સાધુ સંતોને મળવા છતાં, બે ત્રણના અપવાદ સિવાય, મનમાં કોઈની સાચી છાપ ન ઊઠી. એટલે પાછો આવી ગયો.''

એ જ ઓરડામાં એક બાજુ બેઠેલો હું તેમની આ વાત સાંભળતો હતો. ઋષિકેશ ને ગંગાકિનારાની વાત સાંભળતા મને સહેજ કૂતુહલ થયું. મેં સહજ ભાવે પૂછ્યું, ''કેમ ભાઈ, ઋષિકેશ ફરવા જ ગયા હતાં કે શું!''

તેને સરળતાથી કહ્યું, ''સાચું કહું તો ગંગાકિનારે ઋષિકેશમાં કાયમ માટે રહેવાના વિચારથી ગયો હતો. પરંતુ કોઈ એવા સંત ન મળ્યા કે જેના સાન્નિધ્યમાં રહેવાનું મન થઈ જાય.''

આટલી નાની ઉંમરે આવા વિચાર તમને કેમ આવ્યાં? તેણે કહ્યું, ''કાકા, સાચી વાત એ છે કે જો મનુષ્ય જીવનનું પ્રધાન પ્રયોજન આત્મસાક્ષાત્કાર કે ઈશ્વરદર્શન જ હોય, તો પછી એને મૂકીને બીજી આ વાતોમાં જિંદગીનો સમય ને શક્તિ શું કામ વેડફી નાંખવાં? પહેલાં એ સિદ્ધ થઈ જાય પછી બીજું બધું જ થાય, ખરું કે નહીં?''



આ સાંભળી મને ખૂબ આનંદ થયો. મેં કહ્યું: ''ભાઈ, તમે તો પૂર્વજન્મનું ખૂબ સારું ભાતું કે ઉચ્ચ સંસ્કાર લઈને આવ્યા છો એટલે જ આટલી નાની વયમાં જીવનનો હેતુ ખૂબ સ્પષ્ટ રીતે તમને સમજાઈ ગયો છે; તમારા મનમાં ઠસી ગયો છે. બાકી આટલી સમજ પાકી કરવામાં ઘણીવાર માણસની આખી જિંદગી વહી જતી હોય છે.''

પછી મેં પૂછતાં તેઓએ કહ્યું:– ''ઘણા બધા સાધુઓને મળ્યો, પણ ઘણાંને તો ધ્યાન કેમ કરવું, શેનું કરવું, તેની પણ પૂરી પાકી સમજણ ન લાગી. બે ત્રણ સારા અનુભવી સંતો મળ્યા, પરંતુ કુંડલિની જાગૃતિ દ્વારા વિકાસ કરવાના મેં અપનાવેલા માર્ગે સાધના ક્ષેત્રે આગળ વધવામાં તેઓ મદદરૂપ થાય એમ ન લાગ્યું. એટલે પાછો આવ્યો.''

મેં કહ્યું: ''જે મહાપુરુષોએ યોગ સાધના કરી હોય એવા યોગી પુરુષો જ તમને ઉપયોગી સહાય પ્રદાન કરી શકે. એવા યોગીઓ બહુ ઓછા જોવા મળે અને ભગવાનની કૃપા સિવાય એમની ઓળખ કે પરખ પણ ન થાય. આમ છતાં કુંડલિની જાગી છે કે કેમ તેનાં કેટલાક બાહ્ય લક્ષણો—ચિન્હો છે, તેની વિગત જ્ઞાનેશ્વરી ગીતાના છટ્ઠા અધ્યાયમાં સંત જ્ઞાનેશ્વર મહારાજે આપી છે, તે જોઈ જજો. બાકી કુંડલિની છે તેનું પ્રત્યક્ષ પરિણામ જો કોઈ હોય તો તે ધ્યાન કે જપમાં કલાક બે કલાક સુધી સ્થિરતાપૂર્વક બેસી શકાય; એ છે. ભલે પછી કોઈ ગુરુ આપણને કહે કે ન કહે કે તમારી કુંડલિની જાગી છે કે નથી. અંતરના આનંદ સિવાય ધ્યાન જપમાં એકધારું આટલું બેસાય જ નહીં એટલે કુંડલિની જાગી નહીં હોય તોય જાગશે, પરંતુ પ્રભુની કૃપા તો તમારે માટે જાગી જ છે, એમ જરૂર માની

લેજો.''

મારી આ વાતથી એ ભાઈને આનંદ થયો. મને પણ એમને મળીને ખુશી થઈ. આજના ભૌતિક સુખોની ભ્રમજાળમાં ભરમાઈને જીવનનું યૌવાન વેડફી નાંખતાં યુવાનો ક્યાં, અને ક્યાં આ નાનકડો એન્જિનિયર! જેને જીવનનું પ્રધાન લક્ષ આટલી નાની વયમાં સુસ્પષ્ટપણે સમજાય ગયું છે.

એ ભાઈની મુલાકાત મારા મન ઉપર કદાચ ન ભૂંસાઈ એવી છાપ અંકિત કરી ગઈ.

આપણે વડીલોને, માતાપિતાને જ નહીં આપણને પણ રોજ પગે લાગવું જોઈએ. જેથી જાગૃત રહેવાય અને પૂજાપાત્ર બનવા પવિત્ર રહીએ. —મા

વ્રતની આવશ્યક્તા ત્યારે થાય જ્યારે સંયમ ન હોય; વ્રત સંયમ સુધી લઈ જાય. પછી વ્રતની આવશ્યક્તા રહેતી નથી. તે પછી સાધક વ્રત રાખી શકે તેની ઈચ્છા હોય તો.

સંબંધથી એકાંતનો અને એકાંતથી સંબંધને અલગ વિલગ પાડી શકાય નહિ. એવો અલગાવ ઊભો કરવો અવૈજ્ઞાનિક છે.

**—દિલીપકુમાર રોય**



# અધિકારવિના ફળલાભ થતો નથી

**મહારાજશ્રી નથુરામશર્માજી**

ચિત્તમાં યોગ્યતારૂપ અધિકાર આવ્યાવિના કોઈ પણ કામ કરવામાં આવે તો તેમાં વિજય મેળવી શકાતો નથી, પણ પાછા જ પડવું પડે છે, ને કોઈ વેળા કષ્ટ પણ ભોગવવું પડે છે. સ્વસામર્થ્યનું ઉલ્લંઘન કરી અણસમજથી કાર્ય કરનાર પરાભવ પામે છે, એ નિયમ ભક્તિ, યોગ ને વેદાંતના અભ્યાસમાં પણ લાગુ પડે છે. કોઈ બ્રહ્મવેત્તા પુરુષની પાસે એક પુરુષ કેટલાક સમયથી વારંવાર આવતો હતો, ને લાગ મળતાં પુનઃ પુનઃ તે મહાપુરુષને તે વિનય કરતો હતો કે, ''હે મહારાજ! મને બ્રહ્મતત્ત્વનો સાક્ષાત્કાર કરાવો,'' તે તત્ત્વનિષ્ઠ પુરુષ તેના ઉત્તરમાં તેને એટલું જ કહેતા કે, ''સાધનસંપન્ન થયાવિના બ્રહ્મતત્ત્વનો સાક્ષાત્કાર થઈ શકતો નથી, ને તેમાં પણ દેહાભિમાનના ત્યાગની તો બહુ જ અપેક્ષા છે.'' પેલો પ્રમાદી મનુષ્ય સાધનો સંપાદન કરવા યત્ન ન કરતો, ને પૂર્વોક્ત રીતે તે મહાત્માપાસે વારંવાર યાચના કર્યા કરતો હતો, ને અપરિચ્છિન્નભાવને પામેલા તે મહાત્મા તેને પૂર્વે કહ્યા પ્રમાણે ઉત્તર આપતા હતા. એમ કેટલાંક વર્ષો વીતી ગયાં. પછી એક દિવસે તે માણસે તે તત્ત્વજ્ઞ પુરુષને બ્રહ્મદર્શન કરાવવાની બહુ જ આગ્રહપૂર્વક વિનતિ કરી. પેલા માણસને તે મહાપુરુષભણીથી પૂર્વવત્ ઉત્તર આપવામાં આવ્યું, પણ તે સંતોષ ન પામ્યો, ને કાલાવાલા કરતો રહ્યો, તેથી ''આના પ્રારબ્ધમાં દુઃખ સર્જેલું છે તે ભોગવ્યાવિના તેને શાંતિ નહિ થાય'' એમ વિચારી તેના પ્રારબ્ધથી પ્રેરણા પામી તે બ્રહ્મવિત્ પુરુષે તેને કહ્યું કે, ''જ્યારે

બ્રહ્મસાક્ષાત્કાર માટે તમારી બહુ જ ઈચ્છા છે, ને તેમાં જેટલું દેહાભિમાન ત્યજવું પડશે તેટલું તમે ત્યજી શકશો, એમ તમને વિશ્વાસ છે, તો ચાલો મારી પાછળ આવો. પૂરેપૂરી સાવધાનતા રાખી શ્રદ્ધાભક્તિપૂર્વક ચાલ્યા આવજો, ને જે સ્થળે જે કર્તવ્ય પ્રાપ્ત હોય તે સ્થળે તે કર્તવ્યનું શંકા કે ભય લાવ્યાવિના યથાયોગ્ય પરિપાલન કરજો.'' એમ કહી તે બ્રહ્માનુભવી પુરુષ પોતાના સ્થાનની અંતરના દિવ્યપ્રકાશમય ભોંયરામાં ઊતરી આગળ ચાલ્યા, ને પેલો પુરુષ પણ પ્રસન્ન થતો થતો તેમની પાછળ ચાલ્યો. આગળ જતાં એક મોટું દ્વાર આવ્યું, તે બંધ હતું, ને તેના ઉમરાપર એક તીવ્ર ધારવાળી છરી ઊઘાડી પડી હતી, તથા તે દ્વારના ઉપરના ભાગમાં લખેલું હતું કે, ''જેઓ અહીં પોતાનું નાક કાપે છે તેમને માટે આ દ્વાર ઊઘડે છે.'' આગળ ચાલનારા ખોટી લોકલજ્જારહિત તે જ્ઞાનીએ તુરત જ તે છરી લઈ પોતાનું નાક કાપ્યું, તેથી તે દ્વાર ઊઘડ્યું, ને તેમણે તેમાં પ્રવેશ કર્યો કે તુરત જ પાછું તે દ્વાર પૂર્વની પેઠે બંધ થઈ ગયું. પેલા પુરુષે પણ કિંચિત્ શંકા ને ભયસહિત તે છરી લીધી, ને પોતાનું નાક કાપ્યું કે તુરત દ્વાર ઊઘડતાં તેણે તેમાં પ્રવેશ કર્યો. પાછું બંને જણે પૂર્વની પેઠે આગળ ચાલવા માંડ્યું. આગળ જતાં વળી એક બીજું પૂર્વના દ્વારથી મોટું ને સુશોભિત દ્વાર આવ્યું. તેના ઉમરાપર પૂર્વના જેવી જ છરી પડેલી હતી, અને તે દ્વારના ઉપરના ભાગમાં સુંદર અક્ષરોથી લખેલું હતું કે, ''અહીં જેઓ પોતાના બંને કાનો કાપે છે તેમને માટે આ દ્વાર ઊઘડે છે.'' શ્રવણેંદ્રિયના અસુરાંશનો જેણે સારી રીતે જય કર્યો છે એવા તે જીવન્મુક્તે તુરત પેલી છરી હાથમાં લઈ પોતાના બંને કાનનું છેદન કર્યું, એટલે તુરત તે દ્વાર ઊઘડ્યું, ને તેમાં તેમણે પ્રવેશ



કર્યો. તેમનો પ્રવેશ થતાં જ તે દ્વાર પાછું બંધ થઈ ગયું. આ માણસને પણ તેમાં પ્રવેશ કરવાની લાલસા હતી, તેથી પૂર્વનાથી વિશેષ ભય તથા શંકા ઉપજ્યા છતાં પણ તેણે તે છરી લઈ તે વડે ધ્રૂજતાં ધ્રૂજતાં પોતાના બંને કાન કાપ્યા. પછી દ્વાર ઊઘડ્યું, ને તેણે તેમાં પ્રવેશ કર્યો. પાછા પૂર્વની પેઠે તેઓ બંને આગળ ચાલવા લાગ્યા. ઘણે દૂર ગયા પછી એક ઘણું જ મોટું ભવ્ય દ્વાર આવ્યું. તેના વિશાળ ઉમરાપર એક મોટું કાતું પડેલું હતું. તે દ્વારના ઉપરના ભાગમાં એવો લેખ લખેલો હતો કે, ''અહીં જેઓ પોતાનું માથું કાપે છે તેઓને માટે આ દ્વાર ઊઘડે છે.'' દેહાભિમાન જેમનું ગલિત થયું હતું એવા તે પુરુષશ્રેષ્ઠે તે કાતું પોતાના હાથમાં લઈ તુરત પોતાનું મસ્તક કાપી નાંખ્યું કે શીઘ્ર તે દ્વાર ઊઘડી પાછું પૂર્વની પેઠે બંધ થઈ ગયું. તે નરવરના ધડમસ્તકને ભિન્ન થયેલાં તથા તરફડતાં જોઈ પેલો દેહાભિમાની પુરુષ અત્યંત ભય પામ્યો, ને તુરત જ ત્યાંથી પાછો ભાગ્યો. કેટલેક દૂર ગયા પછી તેને જણાયું કે હવે તે ભોંયરામાં નથી, પણ બહારના કોઈ પ્રદેશમાં છે. એટલે તે ધીમે ધીમે ચાલવા લાગ્યો. ત્યાં પેલા પુરુષવર તેને સામા મળ્યા. તેમને જોઈને પોતે બહુ શરમાયો. ત્યારે તે બ્રહ્મદર્શી પુરુષે કહ્યું કે, ''મેં તમને પ્રથમથી જ આવું સાહસ કરવાની ના કહી હતી, પણ તે તમે માન્યું નહિ, તેથી તમારા નાકકાન કપાયાં છે. અધિકારની પ્રાપ્તિ કર્યાવિના આવા કામમાં પ્રવેશ કરવો એ ભયભરેલું છે એ હવે તમને સ્પષ્ટ સમજાયું હશે, એટલે વિશેષ કહેવાની અગત્ય રહી નથી.'' એમ જણાવી તેઓ શીઘ્ર ત્યાંથી ચાલતા થયા, અને પેલો પુરુષ પણ અત્યંત લજ્જા પામતો પામતો તેવી સ્થિતિમાં પોતાને ઘેર ગયો.

**(''સુબોધકલ્પલતા''માંથી)**

# રસેશ્વરી

(ગતાંકથી આગળ) **શ્રીયોગેશ્વરજી**

'પછી?' રાધાની જિજ્ઞાસા વધી ગઇ; 'પછી શું થયું?'

'મારા દિવ્ય જ્ઞાનથી એ વત્સાસુરને ઓળખીને એની પાસે પહોંચીને મેં એના પગ તથા પુચ્છને પકડીને એને આજુબાજુ બધે ફેરવીને વૃક્ષ સાથે પછાડીને મારી નાંખ્યો.'

'એ પૃથ્વી પર પડ્યો ત્યારે જ સૌને ખબર પડી કે એ વાછરડો ન હતો પણ અધમાધમ અસુર હતો.'

'એના નાશથી સૌની પ્રસન્નતાનો પાર ના રહ્યો.'

'આ કથાઓ તો અતિશય આશ્ચર્યકારક લાગે છે.' રાધાએ કહ્યું.

'છતાં પણ એ કથાઓ સંપૂર્ણ સાચી છે.'

'બીજીવાર એક સુંદર જલાશયના તટ પર અમે ગાયો અને વાછરડાંને પાણી પાવા ગયેલા ત્યાં બકાસુર બગલાનું રૂપ ધારણ કરીને બેઠેલો. સુતીક્ષ્ણ ચાંચવાળો એ બગલો ખૂબ જ શક્તિશાળી હતો.'

'એ જોતજોતામાં મને ગળી ગયો.'

'બળરામ તથા બીજા ગોપબાલો એ દેખીને દુઃખી થયા.'

'થાય જ ને?' રાધા બોલી; 'એમની જગ્યાએ હું હોઉં તો હું પણ દુઃખી થઉં. અરે, હું તો જીવતી જ ના રહી શકું.'

'બકાસુર મને ગળી ગયો તો ખરો પરંતુ એનો તાલુપ્રદેશ બળવા લાગ્યો એટલે એણે મને બહાર કાઢ્યો.'

'બહાર કાઢીને મારો નાશ કરવા એણે મારા પર



સુતીક્ષ્ણચાંચથી પ્રહાર કરાવા માંડ્યો, પરંતુ એથી લેશ પણ ડર્યા વિના મેં એની ચાંચને પહોળી કરીને મારા ચરણની મદદથી ચીરી નાખી.'

'બકાસુરને મરેલો જોઇને સૌ આનંદ પામ્યા.'

'પરંતુ હજુ અનર્થોનો સામનો કરવાનો બાકી હતો. થોડા દિવસો પછી એક વાર અમે બધા વનમાં ઉજાણી કરવા ગયા. મારી સાથે અસંખ્ય બાળકો હતા. એ વખતે ત્યાં કંસની પ્રેરણાથી પૂતના તથા બકાસૂરનો નાનો ભાઇ અઘાસુર અજગરનું રૂપ લઇને અમારા માર્ગમાં આવ્યો.'

'પૂતના તથા બકાસુરના નાશનો બદલો લેવાની એની ઇચ્છા હતી.'

'અઘાસુર પાપોના સમૂહ જેવો હતો. એનાથી દેવ પણ ડરતા.'

'એનું શરીર ખૂબ જ લાંબું ને વિશાળ હતું.'

'એ મને અને બીજા બધા બાળકોને ગળી જવાની આકાંક્ષાથી આવેલો.'

'એનાં લોચન દાવાનલ જેવાં લાલ હતાં.'

'એને જોતાં જ હું એના મૂળ સ્વરૂપને સમજી ગયો, પરંતુ ગોપાબાલો એથી અજ્ઞાત હોવાંથી એની માયાનો ભોગ બનીને એના મુખમાં પ્રવેશ્યા એટલે એ એમને પોતાનાં મુખમાં રાખીને મારી પ્રતીક્ષા કરવા માંડ્યો.'

'હું એનો મુખમાં પ્રવેશું એટલે અમને સૌને ગળી જવાનો એણે નિર્ણય કરેલો.'

'એના એ નિર્ણયને જાણી લઇને, બધા બાળકોને બચાવવા અને અઘાસૂરને દંડ દેવા મેં એના મુખમાં પ્રવેશ કર્યો.'

રાધા ઉત્તેજિત બનીને બોલી ઊઠી :

'અરે, એ તો ખૂબ જ ખરાબ થયું. એ દુષ્ટના મુખમાં તેં પ્રવેશ જ કેમ કર્યો?'

કૃષ્ણે એની અધીરાઈને જાણી લઈને જણાવ્યું :

'તું સાંભળ તો ખરી. એ દુષ્ટ અસુર મને કશું જ નથી કરી શક્યો ને હું સંપૂર્ણ સુરક્ષિત રીતે તારી પાસે બેઠો છું. એના ભયંકર મુખમાં પ્રવેશીને મેં મારી અલૌકિક શક્તિથી મારા શરીરને વધારી દીધું. એથી એનું ગળું રૂંધાઈ ગયું, એ વ્યાકુળ બનીને તડફડવા લાગ્યો, અને એનો પ્રાણ ઊડી ગયો.'

'બાળકો એના મુખમાંથી સહીસલામત બહાર નીકળી ગયા.'

'વાહ!' સુપ્રિયા ને રાધા બંને બોલી ઊઠી; 'એ તો ખૂબ જ અદ્ભુત કહેવાય. અત્યંત અસાધારણ.'

કૃષ્ણ થોડીક વાર શાંત રહીને બોલ્યા :

'મારા જીવનમાં જન્મથી માંડીને આજ સુધી અનર્થોની પરંપરા ચાલુ જ રહી છે. મારો જન્મ દુષ્ટોનો નાશ કરવા અને સંસારનું હિત સાધવા માટે જ, એટલે સંકટો તો આવવાનાં જ, પરંતુ સંકટો મને ડરાવી કે ડગાવી નહિ શકે ને નથી શક્યાં. મારી ધીરજ તથા હિંમત કદી પણ નથી તૂટી. મારી લોકોત્તર અસાધારણ શક્તિનો મેં સદાય સદુપયોગ કર્યો છે.'

રાધા ને સુપ્રિયા એ સુંદર સુધામય શબ્દોને સાંભળી રહી.

એ કૃષ્ણના મધુમય મુખમંડળ તરફ જોઈ રહી.

એ મુખમંડળ કેટલું બધું અનેરું અને આકર્ષક હતું? ચંદ્ર કરતાં પણ વધારે ચારુ, અનેરું અને આકર્ષક.

રાધા ચકોરીની પેઠે એનું પીયૂષપાન કરતાં બોલી :



'તારા મુખમંડળના મધુનું પાન કરું છું તોપણ નથી ધરાતી. આંખ કંટાળતી નથી ને અંતર તૃપ્તિ નથી પામતું.'

'મારી અવસ્થા પણ એવી જ છે, રાધા!' સુપ્રિયા બોલી; 'કૃષ્ણના મુખમધુનું, એની સ્વરૂપસુધાનું, પાન કરતાં કોઈને પણ તૃપ્તિ નથી વળે તેમ. જે જુએ છે તે બધા જ એના પ્રત્યે અનેરા આકર્ષણનો અનુભવ કરે છે.'

'તમે મારા પ્રત્યે આકર્ષણનો અનુભવ કરો છો અને હું તમારા પ્રત્યે આકર્ષણનો અનુભવ કરું છું.' કૃષ્ણે કહ્યું; 'એમાંય તને જોઈને તો હું તદ્દન મંત્રમુગ્ધ બની જાઉં છું, રાધા! તારા સૌંદર્યરસનું પાન કરવાની ઈચ્છા હમેશાં રહ્યા કરે છે. આકાશના ચંદ્ર કરતાં તારા મુખચંદ્રની ચારુતા વધારે લાગે છે. તારા સૌંદર્યની જોડ જગતમાં બીજે ક્યાંય નહિ હોય. તારા સરખી સુકુમારીનો સ્નેહ સાંપડવા બદલ મારી જાતને ભાગ્યશાળી માનું છું. પરમ ભાગ્યશાળી.'

'ભાગ્યશાળી હું કે તું?' રાધાએ પ્રેમપૂર્વક પૂછ્યું.

'હું.'

'ના. હું તો સ્નેહ અને તારી કૃપાદૃષ્ટિ મળવા માટે હું મારી જાતને ભાગ્યશાળી માનું છું.'

સુપ્રિયા બોલી :

'એકમેકના અનુરાગનાં અધિકારી થવા માટે તમે બંને ભાગ્યશાળી છો અને તમારા સંસર્ગમાં રહેવાનો શુભાવસર સાંપડવા માટે મને પણ ભાગ્યશાળી માનું છું. એટલે આપણે ત્રણેય ભાગ્યશાળી. બસ? હું પણ શા માટે પાછળ રહી જઉં?'

ત્રણે હસી પડ્યાં.

(ક્રમશઃ)